RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 6 * Issue No. 234* Date: 21.06.2020 * Sunday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-

### ગામડાઓમાં કોરોના સામે લડવાની રીતથી શહેરોને શીખ મળી: મોદી

# વડાપ્રધાને 'ગરીબ કલ્યાણ રોજગાર અભિયાન' લોન્ચ કર્યું

ન્યુ દિલ્હી,તા.૨૦

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વીડિયો કૉન્ફરન્સના માધ્યમથી ગરીબ કલ્યાણ રોજગાર અભિયાનની શરૂઆત કરી. આ યોજના ઉત્તાપ્રદેશ, બિહાર, મધ્યપ્રદેશ,રાજસ્થાન,ઝારખંડ અને ઓડિશા સહિત છ રાજ્યોના ૧૧૬ જિલ્લામાં ચાલશે. આ યોજનાને દેશના એ રાજ્યોના એ જિલ્લાઓમાં ચલાવાશે જ્યાં, પ્રવાસી મજૂરોની સંખ્યા ૨૫ હજારથી વધુ છે. આ યોજના મુજબ મજૂરોને ૧૨૫ દિવસનુ કામ મળશે. મજૂરોને રોજગાર આપવા માટે ૫૦ હજાર કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે.

વર્ચુઅલ બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીની સાથે ગ્રામીણ વિકાસ મંત્રી નરેન્દ્ર સિંહ તોમર, ઉત્તાર પ્રદેશના સીએમ યોગી આદિત્યનાથ, બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમાર, રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહલોત, મધ્યપ્રદેસના સીએમ શિવરાજ સિંહ ચૌહાણ અને ઝારખંડના સીએમ હેમંત સોરેન સાથે ઓડિસાના સીએમ નવીન પટનાયકના પ્રતિનિધ પ્રતાપ જૈના હાજર રહ્યા હતા.

પીએમ મોદીએ લદ્દાખમાં શહીદ થયેલ જવાનોને યાદ કરતા કહ્યું કે,''લદ્દાખમાં આપણા વીરોએ જે બલિદાન આપ્યું છે,



આજે જ્યારે હું બિહારના લોકો સાથે વાત કરું છું ત્યારે હું એમ કહેવા માંગુ છું કે આ બહાદુરી બિહાર રેજિમેન્ટની છે. દરેક બિહારીને આનો ગર્વ થવો જોઈએ. જેમણે બલિદાન આપ્યું છે તેમને હું શ્રદ્ધાંજલિ આપું છું. હું તેમના પરિવારને ખાતરી આપવા માંગું છું કે આ દેશ તમારી સાથે છે. દેશ સૈન્યની સાથે છે.'

આ ઉપરાંત વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રવાસી મજૂરો સાથે પણ વીડિયો કોન્ફર્ન્સિંગના માધ્યમથી વાતચીત કરી. જ્યાં તેમણે તેવા પ્રવાસી મજૂર જે પાછા કામ પર બીજા રાજ્યોમાં જવા નથી માંગતા તેમને ગરીબ રોજગાર ગેરંટી યોજના હેઠળ મધમાખી પાલન જેવા રોજગાર માટે સૂચન કર્યું. અંતમાં પીએમ કહ્યું કે આ તમામ પ્રવાસી મજૂરો જોડે વાત કરીને રાહત અને સંતોષ મળ્યો છે. કોરોના મહામારી દરમિયાન જે જ્યાં હતો ત્યાં મદદ આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે. અમે પોતાના શ્રમિક ભાઇ-બહેનો માટે સ્પેશ્યલ ટ્રેનો ચલાવી છે. સાથે જ પીએમ કહ્યું કે કોરોના એટલો મોટો સંકટ છે કે આખી દુનિયા તેની સામે હલી ગઇ છે. પણ પ્રવાસી મજૂરો અને ગામના લોકોએ કોરોનાનો જે મક્કમતાથી મુલાબલો કર્યો છે તેણે શહેરોને ઘણું શીખવ્યું છે.

વધુમાં પીએમ નરેન્દ્ર મોદીએ જણાવ્યું કે આજનો દિવસ ઐતિહાસિક છે. કારણ કે આજે ગરીબ કલ્યાણ માટે તેમના રોજગાર માટે મોટું અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. હવે જે શ્રમિક પરિવારો પોતાના ગામે પરત ફર્યા છે તેમની જરૂરિયાતો પૂરી કરવા માટે આ યોજના મદદરૂપ થશે. આ અભિયાનથી શ્રમિકો અને કારીગરોને પોતાના ઘરની પાસે જ કામ આપવામાં આવશે. જે લોકો હાલ મહેનતથી શહેરોને આગળ વધાર્યા હતા તે હવે પોતાના ગામ અને વિસ્તારને આગળ વધારવામાં મદદરૂપ થશે.

સાથે વડાપ્રધાને શ્રમિકોને કહ્યું કે સરકારનો પૂરો પ્રયાસ રહેશે કે કોરોના મહામારીના આ સમયમાં તમારે ગામમાં રહેતા કોઇ લોકોથી દેવું ના લેવું પડે. કોઈની આગળ હાથ ન ફેલાવવા પડે. અને ગરીબોના સ્વાભિમાનને સમજીએ છીએ. તેમણે કહ્યું તે તમે શ્રમેવ જયતે એટલે કે શ્રમની પૂજા કરનાર લોકો છો. તમે કામ અને રોજગાર જોઈએ છે તો તમને મળશે.આગળ વડાપ્રધાન મોદીએ કહ્યું કે 'ભારત ગામડાઓથી બનેલો દેશ છે ત્યારે બે તૃત્યાંશથી વધારે એટલે કે આશરે ૮૦ કરોડ જનતા ગામડાઓમાં રહે છે ત્યારે આ સંખ્યા યુરોપના બધા દેશોની વસ્તીને ભેગી કરો તો તેનાથી પણ વધારે છે છતાં ભારતે કોરોના વાયરસને અસરકારક રીતે રોક્યો છે. ગ્રાઉન્ડ પર કામ કરતા લોકો જેમાં સરપંચ, આંગણવાડી વર્કર અને આશા વર્કર છે તે બધાએ ઉત્તમ કામગીરી કરી છે.

### કોરોનાના કેસ ૪ લાખની નજીક,મૃત્યુઆંક ૧૩૦૦૦એ પહોંચવાની તૈયારીમાં

# ભારતમાં ૨૪ કલાકમાં રેકોર્ડબ્રેક ૧૪૫૧૬ કેસ,૩૭૫ના મોત



ન્યુ દિલ્હી,તા.૨૦

કેન્દ્રીય આરોગ્ય તેમજ પરિવાર કલ્યાણ મંત્રાલય તરફથી જાહેર કરાયેલા આંકડા મુજબ છેલ્લા ૨૪ કલાકમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવ્યાં છે. જ્યારે ૩૭૫ લોકોના મૃત્યું થયા છે. આ સાથે દેશમાં કોરોના પોઝિટિવ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઇ ગઇ છે, જેમાં, ૧,૬૮,૨૬૯ સક્રિય મામલા છે. જેમાંથી ૨,૧૩,૮૩૧ લોકો ઠીક થઇ ગયા છે અથવા હોસ્પિટલમાંથી રજા આપી દેવામાં આવી છે, જ્યારે અત્યાર સુધીમાં ૧૨,૯૪૮ લોકોના મૃત્યું થયા છે.

ભારતમાં શનિવારે એક જ દિવસમાં કોરોના વાયરસ મહામારીના રેકોર્ડબલ ૧૪,૫૧૬ કેસ નોંધાયા છે. આ વચ્ચે સકારાત્મક સમાચાર એ છે કે સ્વસ્થ થઇ ગયેલા લોકોનો આંકડો ૨,૦૦,૦૦ને પાર પહોંચી ગયો છે. હવે ૨,૧૩,૮૩૦ લોકો આ સંક્રમણથી બહાર નીકળી ગયા છે જ્યારે ૧,૬૮,૨૬૯ એક્ટિવ કેસ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા અનુસાર અત્યાર સુધીમાં ૫૪.૧ ટકા દર્દી સંક્રમણથી બહાર આવી ગયા છે.

એક જ દિવસમાં ૧૪,૫૧૬ નવા કેસ સામે આવાથી દેશમાં કુલ કેસોની સંખ્યા ૩,૯૫,૦૪૮ થઇ ગઇ છે. જ્યારે મૃતકોની સંખ્યા ૧૨,૯૪૮ છે, જ્યારે ૩૭૫ લોકોના એક જ દિવસમાં મૃત્યું થયા છે. આ મહીનામાં અત્યાર સુધીમાં ૨,૦૪,૫૧૩ કેસ થયા છે.

કોરોનાના વધતા કેસ પર નજર નાંખીએ તો સૌથી વધારે ૩ રાજ્ય પર સંકટ વધેલું જોવા મળી રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં દેશના માત્ર ૩ રાજ્યોમાંથી અંદાજે ૧૦,૦૦૦ જેટલા કેસ સામે આવ્યા છે. દિલ્હી, મહારાષ્ટ્ર અને તામિલનાડુમાં કોરોનાના ૯૦૭૦ કેસ સામે આવ્યાં છે.

જ્યારે દેશના અન્ય ૩૩ રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશમાં મળીને ૫૪૩૭ કેસ સામે આવ્યાં છે. છેલ્લા ૨૪ કલાકમાં દિલ્હીમાંથી ૩૧૩૭ નવા કેસ, મહારાષ્ટ્રમાંથી ૩૮૨૭ અને તામિલનાડુમાંથી ૨૧૧૫ નવા કેસ સામે આવ્યાં છે.મહારાષ્ટ્રમાં પણ કોરોના વાયરસના કેસમાં સતત વધારો થઈ રહ્યો છે.

જેના કારણે મુંબઈ પોલીસે બીએમસીથી ૫ જગ્યા પર સંપૂર્ણ રીતે લૉકડાઉનની માંગણી કરી છે. મુંબઈ પોલીસે કોરોનાના વધતા કેસને જોતાં બીએમસીથી સમતા નગર, કુરારના અપ્પાપાડા, કુરાર ગામ, મડ વિસ્તાર અને મલાડાના કેટલાક વિસ્તારોને સંપૂર્ણ લૉકડાઉન કરવાની માગ કરી છે. આ સમયે કોઈને પણ ઘરની બહાર નીકળવાની પરમિશન ન આપવાનો નિર્ણય લેવાશે. આ સાથે ફક્ત જરૂરી સામાનને ખોલવાની માંગ કરી છે.

જો ભારતની વાત કરીએ તો અહીં ૧૮ મેના રોજ ૧ લાખ કેસ હતા. ૨ જૂને તે સંખ્યા ૨ લાખ પહોંચી. એટલે કે ૧૪ દિવસમાં એક લાખ કેસનો વધારો થયો. ૨થી ૪ લાખ થવામાં ફક્ત ૧૮ દિવસનો સમય લાગ્યો છે. એટલે કે કોરોનાનું સંક્રમણ ભારતમાં ઝડપથી ફેલાઈ રહ્યું છે.

### ડ્રોનમાં રાઈફલ, ૨ મેગ્ઝીન, ૬૦ રાઉન્ડ અને સાત ગ્રેનેડ લોડ કરાયા હતા

# પાકિસ્તાનનું કાવતરુ નિષ્ફળ: બીએસએફએ હથિયારોથી સજ્જ ડ્રોન તોડી પાડ્યું

શ્રીનગર,તા.૨૦

જમ્મુ કાશ્મીરના કઠુઆ જિલ્લામાં આંતરાષ્ટ્રીય સરહદ નજીક ભારતીય વિસ્તારની અંદર ઉડી રહેલું પાકિસ્તાનના જાસૂસી ડ્રોનને બોર્ડર સિક્યોરિટી ફોર્સ (બીએસએફ)એ તોડી પાડ્યું છે. શનિવારે સવારે પાક.નું જાસૂસી ડ્રોન ભારતની હદમાં ૨૫૦ મીટર અંદર ઉડતું હોવાનું જણાતા બીએસએફએ તેને તોડી પાડ્યું હતું.

પ્રાપ્ત વિગતો મુજબ પાકિસ્તાનના તોડી પડાયેલા ડ્રોનનો ઉપયોગ હથિયારો મોકલવા પણ થતો હતો. ડ્રોન સાથે એક રાઈફલ તેમજ ગ્રેનેડ પણ મળ્યા હોવાનું અધિકારીઓએ જણાવ્યું હતું. જમ્મુ ક્ષેત્રમાં આ સૌપ્રથમ ઘટના છે કે જેમાં જાસૂસી ડ્રોન વડા હથિયારો અને વિસ્ફોટકો લઈ જવામાં આવતા હોય.

અધિકારીના જણાવ્યા મુજબ આંતરાષ્ટ્રીય બોર્ડર નજીક બીએસએફ પાર્ટી પેટ્રોલિંગ પર હતી ત્યારે રઠુઆ ગામ પાસેની પાનસર બોર્ડર આઉટ પોસ્ટ નજીક સવારે ૫.૧૦ કલાકે ૮૮૮ (બ્લેડ ટુ બ્લેડ)નું એક ડ્રોન હવામાં ઉડતું જોવા મળ્યું હતું. બીએસએફના જવાનોએ નવ રાઉન્ડ ફાયરિંગ કરીને ભારતની હદમાં ૨૫૦ મીટર અંદર ડ્રોનને તોડી પાડ્યું હતું.

ડ્રોનમાં રાઈફલ, બે મેગ્ઝીન, ૬૦ રાઉન્ડ અને સાત ગ્રેનેડ જેટલા હથિયારો અને વિસ્ફોટકો લોડ કરાયેલા હતા. આ ડ્રોન પાકિસ્તાનના એજન્ટને મોકલવામાં આવ્યું હોવાની આશંકા છે. ડ્રોન અલિ ભાઈ નામના શખ્સને મોકલાયું હોવાની આશંકા છે કારણ કે તેના પર આ નામ લખ્યું હતું. સૂત્રોના મતે પાનસર બોર્ડર આઉટ પોસ્ટની સામે જ સરહદને પાર આવેલી ફોર્વર્ડ પોસ્ટ પરથી પાકિસ્તાની રેન્જર્સ આ ડ્રોનનું સંચાલન કરી રહ્યા હતા. પ્રાપ્ત વિગતો મુજબ સવારે ૮.૫૦ કલાકે પાકિસ્તાની રેન્જર્સે હિરાનગર સેક્ટરમાં બાબિયા પોસ્ટ પર કેટલાક રાઉન્ડ ફાયરિંગ પણ કર્યું હતું. જો કે આંતરાષ્ટ્રીય સરહદની સુરક્ષા કરી રહેલા બીએસેફ દ્વારા વળતો કોઈ જવાબ અપાયો નહતો. આ સમગ્ર ઘટના પર જવાનો અને અધિકારીઓ ચાંપતી નજર રાખી રહ્યા છે.

**ન્યુઝ ઓફ ગાંધીનગર કોરોના અપડેટ**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં કોરોના નવા કેસની સંખ્યા : ૫૩૯**

**રાજ્યમાં કુલ કેસનો આંકડો પહોંચ્યો : ૨૬૭૩૭**

**ગુજરાતમાં છેલ્લા ૨૪ કલાકમાં લોકોનાં મૃત્યુ: ૨૦**

**રાજ્યમા આજે ડિસ્ચાર્જ થયેલા દર્દીઓની સંખ્યા : ૫૩૫**

**ગુજરાતમાં સાજા થયેલા કુલ દર્દીઓની સંખ્યા : ૧૮૭૦૨**

# અમે કોઈ પણ પરિસ્થિતિને પહોંચી વળવા સક્ષમ: વાયુસેનાની ચીનને ખુલ્લી ચેતવણી



હૈદરાબાદ,તા.૨૦

લદ્દાખમાં એલએસી પર હિંસક ઝડપને લઇ ભારતીય વાયુસેનાનાં અધ્યક્ષ એર ચીફ માર્શલ આરકેએસ ભદોરિયા આજે હૈદરાબાદ ખાતે સંયુક્ત સ્નાતક પરેડમાં સામેલ થયા છે. જ્યાં તેઓએ ચીન પર આકરા પ્રહાર કરતા જણાવ્યું હતું કે, હાલમાં એલએસી પરની સ્થિતિનો શાંતિથી ઉકેલ લાવવા પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે. તેમ છતાં કોઇ પણ આફત આવી પડે તો ગમે તે પરિસ્થિતિને પહોંચી વળવા માટે વાયુસેના સક્ષમ અને તૈયાર છે.

લદ્દાખમાં એલએસી પર હિંસક ઝડપને લઇને ચીન સાથેનાં તણાવ વચ્ચે વાયુસેનાનાં પ્રમુખ એર ચીફ માર્શ આરકેએસ ભદોરિયા એકેડમી ફોર કમ્પાઇનડ ગ્રેજ્યુએશન પરેડ માટે હૈદરાબાદ પહોંચ્યાં. વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલે પાસિંગ આઉટ પરેડ દરમ્યાન વાયુસેનાનાં જવાનોને સંબોધિત કર્યાં.

જવાનોને સંબોધત કરતા એર ચીફ માર્શલે જણાવ્યું કે, એટલું સ્પષ્ટ હોવું જોઇએ કે આપણે કોઇ પણ સમયે કોઇ પણ પરિસ્થિતિનો જવાબ આપવા માટે સારી રીતે તૈયાર અને તૈનાત છીએ. હું દેશને વિશ્વાસ અપાવું છે કે આપણે કોઇ પણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે દ્રઢ છીએ અને ગલવાન ઘાટીનાં બહાદુર જવાનોનું બલિદાન ક્યારેય વ્યર્થ નહીં જવા દઈએ.

મીડિયા બ્રીફિંગમાં વાયુસેનાનાં ચીફે કહ્યું કે, ચીન સાથે અમારું યુદ્ધ નથી ચાલી રહ્યું પરંતુ અમે તૈયાર છીએ. વાતચીત ચાલી રહી છે અને અમે સંપૂર્ણ તૈયાર છીએ. ચીને સૈનિકોની તૈનાતી વધારી છે અને અમે તેની પર સતત નજર રાખી રહ્યાં છીએ. જો જરૂરી હશે તો ઉડાન પણ ભરીશું.

સેના આ મામલે ખૂબ સારી સંભાળ રાખી રહી છે. અમે તૈનાતીને ધ્યાનમાં રાખીને કાર્યવાહી કરી રહ્યાં છીએ. અમને કોઈ શંકા નથી કે આપણે કોઈ પણ આકસ્મિકતાને સંભાળીશું. અમે પરિસ્થિતિથી વાકેફ છીએ અને અમે જરૂરી કાર્યવાહી કરી છે. લેહમાં વાયુસેના સંપૂર્ણ સજ્જ અને તૈનાત છે.

એર ચીફ માર્શલ રાકેશકુમાર સિંહ ભદૌરિયાએ પાસિંગ આઉટ પરેડના રિવ્યૂ મેળવ્યાં હતા. મેરિટ લિસ્ટમાં પહેલું સ્થાન મેળવનાર કૈન્ડેટને સ્વૉર્ડ ઓફ ઓનર અને રાષ્ટ્રપતિની પટ્ટીકાથી સન્માનિત કરાયા હતા.

# રાજ્યસભામાં એનડીએ વધુ મજબૂત બન્યુ: ૧૦૦ને પાર

ન્યુ દિલ્હી,તા.૨૦

દિવસેને દિવસે મોદી અને શાહ સતત મજબૂત બનતા જાય છે. દેશમાં લોકસભામાં તો એનડીએ મજબૂત છે પણ હવે રાજ્યસભામાં પ્રથમવાર સદી ફટકારી દીધી છે. હવે ભાજપને ૧૨૩નો મેજિક ફિગર મેળવવા ફાંફા નહીં પડે. ગતરોજ રાજ્યોની ૧૯ બેઠકો પર થયેલી રાજ્યસભાની ચૂંટણીમાં ૮ બેઠકો જીતી ભાજપે ઉપલા ગૃહમાં પોતાની સ્થિતિ અતિ વધુ મજબુત કરી લીધી છે. રાજ્યસભામાં ભાજપના નેતૃત્વ હેઠળના એનડીએનું સંખ્યા બળ હવે વધીને ૧૦૧નું થયું છે. ૨૪૫ બેઠકોવાળા ઉપલા ગૃહમાં બહુમતીનો આંકડો ૧૨૩નો છે. એવું પહેલીવાર બન્યુ છે કે એનડીએના રાજ્યસભાના સાંસદોની સંખ્યા ૧૦૦ની ઉપર પહોંચી હોય. આમાં એકલા ભાજપ પાસે ૮૬ સાંસદો છે. જ્યારે કોંગ્રેસના નેતૃત્વવાળા યુપીએ પાસે હાલ ૬૫ બેઠકો છે. જો એનડીએને રાજ્યસભામાં બીજુ જનતા દળ, અન્ના ડીએમકે અને વાયએસઆર કોંગ્રેસ જેવા પક્ષોનું સમર્થન મળે તો પછી સરળતાથી એનડીએ બહુમતીના આંક સુધી પહોંચી જાય. લોકસભામાં એનડીએ પૂર્ણ બહુમતીમાં છે. પ્રથમવાર એવું બન્યું છે કે એનડીએ લોકસભા અને રાજ્યસભા બંનેમાં મજબૂત બન્યું છે. જેનો સિંહફાળો ભાજપને જાય છે. ગુજરાતમાં પણ અનેક કાવાદાવા અને રસાકસી વચ્ચે આખરે ગુજરાતમાં સત્તારૂઢ ભાજપે ૩ અને કોંગ્રેસે ૧ બેઠક મેળવી છે. ૮ ધારાસભ્યોના રાજીનામા બાદ કોંગ્રેસ બીજી બેઠક જીતી શક્યું નથી. તો રાજસ્થાનમાં કોંગ્રેસે ભાજપને એક વધારાની બેઠક મેળવવાના પ્રયાસો નિષ્ફળ બનાવ્યા હતા. તો બીજી તરફ મધ્યપ્રદેશની ચૂંટણીમાં માર્ચમાં ભાજપમાં સામેલ થયેલા સિંધીયાને વિજય મળ્યો છે.

## તંત્રી સ્થાનેથી...

# ભારતની કૂટનીતિઃ ચીનને વૈશ્વિક બદનામી મળી કે જિનપિંગને ફટકો.....?

વિશ્વના મોટાભાગના દેશો કોરોનાનો સામનો કરી રહ્યા છે જેમાં ભારત પણ બાકાત નથી. પરંતુ કોરોના ફેલાવવા અંગે જેના ઉપર દોષારોપણ છે કે આશંકાઓ વ્યકત કરવામાં આવી રહી છે તે શિયાળ ચાલતું ચીન આજે પણ પોતાની વિસ્તારવાદી નીતિ અનુસાર પડોશી દેશોમાં ઘુસવા માટેના પ્રયત્નો યથાવત રાખ્યા છે. ભારત વિશ્વમાં શાંતિ પ્રિય દેશ તરીકેની નામના ધરાવે છે અને આજે પણ વસુધૈવ કુટુમ્બકમની ભાવનાને જાળવી રાખી શાંતિ જાળવવાને મહત્ત્વ આપી રહ્યું છે. ત્યારે ×હાથીના ચાવવાના અને બતાવવાના દાંત જુદા× ની જેમ ચીન તેની ચાલી ચાલી રહ્યું છે. ચીને ઈટાલીમાં પોતાનું વર્ચસ્વ વધારવા ૩૦૦ ઉપરાંત મોટી ઈન્ડસ્ટ્રીઝો ખરીદી લીધી અને તેના ઉત્પાદનો વિશ્વના અનેક દેશોમાં સપ્લાય કરવાનું યથાવત રાખ્યું છે. અત્યારના સમયમાં ચીન ભારતને ચારેબાજુથી ઘેરી તમામ પ્રકારના દાવ અજમાવી રહ્યું છે. ભારતના પડોશી રાજ્યો પાકિસ્તાન, નેપાળ, બાંગ્લાદેશ,મ્યાનમાર, શ્રીલંકા સહિતના ભારતના પડોશી દેશોમાં પગ પેસારો કરી દીધો છે. જેમાં બાંગ્લાદેશ,શ્રીલંકા,માલદીવ,મ્યાનમાર વગેરે દેશોમા વિકાસ કામો અને ઈન્ફાસ્ટ્રક્ચરના બહાને મોટાપાયે પગપેસારો કરી દીધો છે. તો નેપાળમાં પોતાને ગમતી સરકાર બેસાડી દીધી છે. અહીં તેને રાજકીય દખલગીરી ઉભી કરાવી દીધી છે. તો પાકિસ્તાનને મોટા પ્રમાણમાં કરજ આપી ગરજવાન બનાવી દીધું છે. ડોકલામ જેવા ભારતના વિસ્તારો પાકિસ્તાને ચીનને ચરણે ધરી દીધા છે. જ્યારે મ્યાનમારમાં પગપેસારો કર્યો છે.... પરંતુ તે નહિવત છે....! ચીન બ્રિટનની જેમ વેપારી ચાલી ચાલી સત્તા તરફ દોડવાના ખેલ ખેલી રહ્યું છે... જેમાં મ્યાનમારમાં એક શહેરના સરહદી વિસ્તારમાં પગપેસારો કર્યો છે, તો હાઈસ્કુલ,હોસ્પિટલો ઉભી કરવા તથા ટ્રેનના પ્રોજેકટના નામે તેને કરજમાં ડુબાડી દીધું છે... તે સાથે બંદર બનાવવાનું આયોજન શરૂ કરી દીધું છે અને વિવિધ પ્રોજેક્ટ હાથ ધરી રોહિગ્યા મુસ્લીમોની સત્તા ધરાવતા મ્યાનમારને સહયોગ આપીને તેની સત્તા દોરમાં ધાર્યું કરાવી શકે તેવી કુટનિતીમાં સફળ થવા જઈ રહ્યું છે.....!

ચીન વિશ્વભરમા દગાખોરી કરવા માટે અને વિસ્તારવાદી દેશ તરીકેની ખ્યાતિ ધરાવતો દેશ છે. મોટા ભાગના દેશો જરૂરી માલસામાન મંગાવી વ્યાપારી સંબંધો સાચવે છે... પરંતુ ચીન તેની કૂટનીતિ અજમાવી જે તે દેશની જરૂરત અને તકલીફો જાણીને અવનવી રીત અપનાવી લીધી ગતિએ ઘુસણખોરી શરૂ કરી દે છે... જે રીતે માલદીવમાં એરપોર્ટ બનાવવાનું શરૂ કર્યું અને તે દેશના ૧૬ જેટલા ટાપુઓના વિકાસ કરવાને બહાને લીઝ પર મેળવી લીધા... તેના કારણે બંગાળની ખાડી અને હિંદ મહાસાગર પર નજર રાખી રહ્યું છે. તો બાંગ્લાદેશ કે જે એક સમયે પાકિસ્તાન હતું અને ઈન્દિરા સરકારના સમયમાં પાકિસ્તાનના ઊભા ફાડીયા કરી નાખ્યા તેમાંનો એક ભાગ એટલે બાંગ્લાદેશ તેના એક બંદરના વિકાસ કામોને નામે કબજો કરી લીધો છે તેનું નામ પાયરા બંદર છે. અને આ રીતે ભારતને ઘેરવાના ખેલમાં સફળ રહ્યું છે.... બલુચિસ્તાનનું ગ્વાદર બંદર રૂપિયા દસ અબજ ડોલરનું પાકિસ્તાનને ફંડ આપી કબજે કરી લીધું છે કે જે ભારતની સરહદની નજીક છે. ભારતના ખાસ મિત્ર નેપાળમાં જે રીતે ચીન ઘુસી ગયું તે નોંધનીય છે. ચીને નેપાળમાં રોડ રસ્તા બાંધવાનું, હોસ્પિટલો ઊભી કરવાનું, કોલેજ ઊભી કરવા સહિતના કાર્યો શરૂ કરી દઈ ને ત્યાં આર્થિક મદદ કરવા સાથે રાજકીય દખલો શરૂ કરીને ભારત વિરુદ્ધ નેપાળને ભડકાવી દીધું અને રાજકીય રીતે નકશા જાહેર કરાવી ભારત સાથે ભીડાવી દીધું છે....! અને સરહદ પાસે ટ્રેન ટ્રેક બાંધવાના કાર્યો કરી ભારતની સરહદે દબાણ વધારી દીધુ છે. આ ખંધા ચીનને અત્યારના સમયે આકરા પાણીએ જવાબ આપવો કદાચ વિશ્વ માટે પણ દોજખ બની શકે છે......! એટલા માટે જ ભારત વાટાઘાટો દ્વારા પ્રશ્નો ઉકેલવા માટે પ્રયત્ન કરી રહ્યું છે. તો ચીને નવી ચાલ શરૂ કરી છે. ભારતની સરહદમાં એકાદ- બે કિલોમીટર ઘુસી આવીને આપણા જવાનો સાથે ઝઘડો કરી પથ્થરમારા સુધી પહોંચી જાય છે અને ભારતના જવાનો ફાયરિંગ કરે તેવા ઉશ્કેરવાના પ્રયત્નો કરે છે અને જો જો ભારતના જવાનો ફાયરીંગ કરે તો ભારતને બદનામ કરી શકાય.... પરંતુ ચીન ભારતની કૂટનીતિ સામે ખત્તા ખાઈ ગયું છે જે એક હકીકત છે. ભારતે પોતાના ૨૦ જવાનોની શહીદી આપીને પણ શાંતિ જાળવવા સાથે વસુધૈવ કુટુંબકમ્ ની ભાવનાનો સંદેશ વિશ્વને આપી દીધો છે. જે કારણે ચીનને બદનામી મળવા લાગી છે અને આ કારણે ચીનમા જીન શીંગ સામે લોક વિરોધ વધ્યો છે....જે જીવ શીંગ માટે પ્રમુખપદ ટકાવવામાં વધુ એક ફટકા સમાન છે........!

વંદે માતરમ્

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૬, શાલિવાહન શક-૧૯૪૧,વીર સંવત-૨૫૪૬, ઈસ્લામીક સંવત-૨૫૪૫, તા. ૨૧/૦૬/૨૦૨૦, રવિવાર, જેઠ વદ-અમાસ,સૂર્યગ્રહણ

સૂર્યોદય-૬-૦૫, સૂર્યાસ્ત-૭-૩૨, જૈન નવકારશી-૭-૫૩,

આજની રાશિ : મિથુન (ક.છ.ઘ.), નક્ષત્રઃ મૃગશીર્ષ

સૂર્ય-કુંભ
ચંદ્ર-કર્ક
મંગળ-ધન
બુધ-કુંભ
ગુરૂ-ધન
શુક્ર-મેષ
શનિ-મકર
રાહુ-મિથુન
કેતુ-ધન
હર્ષલ-મેષ
નેપ્ચ્યુન-કુંભ
પ્લુટો-મકર

- શુભ ચોઘડીયા -

૭-૪૬ થી ચલ-લાભ-અમૃત-૧૨-૪૯ સુધી, ૧૪-૩૦થી શુભ-૧૬-૧૧ સુધી, ૧૯-૩૩ થી શુભ-અમૃત-ચલ-૨૩-૩૦ સુધી

- શુભ હોરા-

૭-૧૨ થી ૧૦-૩૪ સુધી, ૧૧-૪૧ થી ૧૨-૪૯ સુધી, ૧૫-૦૩ થી ૧૮-૨૫ સુધી, ૧૯-૩૩ થી ૨૦-૨૫ સુધી

# એમસીએક્સ પર હવે થશે આઈકોમડેક્સ બુલિયન અને બેઝ મેટલ્સ ઈન્ડાઈસીસના વાયદામાં પણ ટ્રેડિંગ

નૈમિષ ત્રિવેદી

કોમોડિટી ડેરિવેટિવ્ઝમાં દેશના અગ્રણી એક્સચેન્જ મલ્ટી કોમોડિટી એક્સચેન્જ (એમસીએક્સ)ને તાજેતરમાં સિક્યુરિટીઝ એન્ડ એક્સચેન્જ બોર્ડ ઓફ ઈન્ડિયા (સેબી)ને આઈકોમડેક્સ બુલિયન અને આઈકોમડેક્સ બેઝ મેટલ્સ ઈન્ડાઈસીસના વાયદામાં વેપાર માટે મંજૂરી આપી છે. હવે થોડી નિયમનકારી પ્રક્રિયા પૂરી થયા બાદ ટૂંક સમયમાં આ બંને સેક્ટોરિયલ ઈંડાઈસીસમાં ટ્રેડિંગ શરૂ થઈ શકે છે.

એક્સચેન્જ પર ત્રણ પ્રકારના ઈન્ડેક્સ ઉપલબ્ધ હશે, પરંતુ આ ઈન્ડાઈસીસમાં પહેલા સેક્ટોરિયલ ઈન્ડાઈસીસમાં બુલિયન ઈન્ડેક્સ અને બેઝ મેટલ ઈન્ડેક્સના વાયદામાં ટ્રેડિંગ શરૂ થઈ શકે છે. આ ત્રણ પ્રકારના ઈન્ડેક્સમાં પહેલો સિંગલ કોમોડિટી ઈન્ડેક્સ હશે, જેમ કે ગોલ્ડ, સિલ્વર વગરે. બીજો ઈન્ડેક્સ સેક્ટોરિયલ ઈન્ડેક્સ હશે, જેમાં બુલિયન અને બેઝ મેટલ ઈન્ડેક્સનો સમાવેશ થાય છે. ઈક્વિટીની સાથે સરખામણી કરીએ તો બેન્ક નિફ્ટી હોય છે, તે પ્રકારનો આ ઈન્ડેક્સ હશે. અને ત્રીજો ઈન્ડેક્સ કમ્પોઝિટ ઈન્ડેક્સ હશે, જેની સરખામણી તમે નિફ્ટી સાથે કરી શકો છો.

આવે હવે આપણે આ ઈન્ડેક્સના વાયદાની વિશેષતાઓ જોઈ લઈએ. માની લો કે બુલિયન ઈન્ડેક્સ અંદાજે ૭ લાખ રૂપિયાનો કોન્ટ્રેક્ટ થાય છે. સોનાનો વાયદા કોન્ટ્રેક્ટ સામાન્ય રીતે અંદાજે ૪૭ લાખ રૂપિયા આસપાસનો, જ્યારે ચાંદીનો વાયદા કોન્ટ્રેક્ટ અંદાજે ૧૪ લાખ રૂપિયાની આસપાસનો કોન્ટ્રેક્ટ થાય છે, તો બંને મળીને લગભગ ૬૧થી ૬૨ લાખ રૂપિયાનું એક્સ્પોઝર તમને અંદાજે ૭ લાખ રૂપિયામાં મળે છે. ગોલ્ડ-સિલ્વરમાં જે મૂવમેન્ટ થાય છે, તેટલી જ મૂવમેન્ટ આમાં પણ થશે. સંભવિત કોન્ટ્રેક્ટના ધારાધોરણો મુજબ મન્થલી કોન્ટ્રેક્ટ છે અને કેશ સેટલ કોન્ટ્રેક્ટ છે, જ્યારે ગોલ્ડ-સિલ્વર ડિલિવરી બેઝ કોન્ટ્રેક્ટ છે. આમાં તમારે માત્ર પ્રારંભિક માર્જિન, એક્સ્ટ્રિમ લોસ માર્જિન અને માર્ક-ટુ-માર્ક માર્જિન જ મેન્ટેન કરવાનું રહે છે. આમાં ડિવોલ્વમેન્ટ માર્જિન નથી કે કોઈ ડિલિવરી માર્જિન કે ટેન્ડરના ગાળાનું માર્જિન નહીં હોય. હજી સુધી આ કોન્ટ્રેક્ટના ધારાધોરણો સંભાવિત છે તેમાં સેબીની મંજૂરીને આધિન ફેરફાર શક્ય છે.

જે રીતે ઈક્વિટી અને ગોલ્ડમાં સહસમાનતા નીચી છે, તે રીતે બુલિયન ઈન્ડેક્સમાં પણ ઈક્વિટી સાથે સહસમાનતા નીચી છે, આ કારણે ટ્રેડર્સને હેજ કરવું હોય તો નિફ્ટીની પોઝિશનની સાથે બુલિયન ઈન્ડેક્સની પોઝિશન હેજ કરી શકે છે. બંને મન્થલી કોન્ટ્રેક્ટ છે અને સંભાવિત રીતે સામાન્ય રીતે બંનેની એક્સપાયરી ડેટ પણ સમાન હશે કે પછી એક કે બે દિવસનો જ ફરક હશે. આ માટે આ બંનેમાં એક સાથે ટ્રેડ કરીને તમારી પોઝિશનનું જોખમ ઓછું કરી શકો છો. વળતર તમને કદાચ ઓછું મળશે, પરંતુ સહસંબંધ નીચો હોવાને કારણે તમારૂ જોખમ બહુ જ ઓછું થઈ જાય છે. આમાં રિસ્ક ડાઈવર્સિફિકેશન છે, કારણ કે ત્રણ-ચાર કોમોડિટી સાથે મળીને આમાં ટ્રેડ થાય છે એટલે એકમાં જોખમ વધુ હોય, વોલેટાલિટી વધુ હોય, તો બીજામાં જોખમ ઓછું કે વોલેટાલિટી ઓછી હશે તો હેજ થઈ શકે છે.તમે હમણા સુધી સોના અને ચાંદીના વાયદામાં એટલે કે કોમોડિટીઝમાં ટ્રેડ કરતા હતા. હવે તેના આધારે સિંગલ ઈન્ડેક્સ જોવા મળશે અને તેના આધારે સેક્ટોરિયલ અને કમ્પોઝિટ ઈન્ડેક્સ તમને જોવા મળશે. દા.ત. ગોલ્ડ ઈન્ડેક્સ કે સિલ્વર ઈન્ડેક્સ તમને જોવા મળશે, તેના આધારે બુલિયન ઈન્ડેક્સ ફ્યુચર્સ હશે તેમાં તમે ટ્રેડ કરશો. વાયદા કોન્ટ્રેક્ટ્સમાં તમે પહેલાથી ટ્રેડ કરો છો, જ્યારે સિંગલ કોમોડિટી ઈન્ડેક્સ અને સેક્ટોરિયલ ઈન્ડેક્સ માત્ર ડિસેમિનેશન માટે જ છે. હવે સેક્ટોરિયલ ઈન્ડેક્સના વાયદા એટલે કે બુલિયન અને બેઝ મેટલ્સના વાયદામાં ટૂંક સમયમાં તમે ટ્રેડ કરી શકશો.

હવે સવાલ એ થાય કે, આ ઈન્ડાઈસીસ શા માટે બનાવવામાં આવ્યા છે. ઈક્વિટીમાં જે પણ ઈન્ડેક્સ બને છે, તે કેશ માર્કેટના આધાર પર બને છે, તો તેમાં કેશ કન્ટીન્યુટી હોય છે, જ્યારે અહિંયા કન્ટીન્યુટી નહીં હોય, કારણ કે અહિંયા ઈન્ડેક્સ છે તે વાયદા કોન્ટ્રેક્ટના આધારે હશે. વાયદા કોન્ટ્રેક્ટમાં એક્સપાયરી હોય છે, માટે એવો કોઈ કન્ટિન્યુ બેઝ નથી મળતો કે જેના પર ઈન્ડેક્સ બની શકે. ઈન્ડેક્સનો અંડરલાઈંગ ક્યારેય બ્રેક ન થવો જોઈએ. નિફ્ટી પણ તે જ પ્રકારે કમ્પ્યૂટ થાય છે, તે પણ કેશ માર્કેટના આધાર પર કન્ટીન્યુ કમ્પ્યુટ થાય છે, જ્યારે આ ઈન્ડેક્સ વાયદા કોન્ટ્રેક્ટ પર આધારીત હશે, પરંતુ આ ઈન્ડેક્સ પણ કન્ટીન્યુ હશે. અહિંયા આ ઈન્ડેક્સને કન્ટીન્યુ બનાવવા માટે વાયદા કોન્ટ્રેક્ટના ઉપર સિંગલ કોમોડિટી ઈન્ડેક્સનું એક લેયર બનાવવામાં આવ્યું છે, જે નજીકના મહિનાના રિટર્ન એટલે કે જેટલી વધઘટ થાય છે, તેને કેપ્ચર કરે છે. અંતર્ગત (અંડરલાઈંગ) કોન્ટ્રેક્ટ જયારે પાકવાનો હોય, તેના પહેલા નજીકના મહિનામાંથી તેના પછીના મહિનામાં શિફ્ટ થઈ જાય છે, આ માટે એક સિંગલ કોમોડિટી ઈન્ડેક્સનું લેયર બનાવવામાં આવ્યું છે, જે બેઝ છે, તેના પર સેક્ટોરિયલ ઈન્ડેક્સ કમ્પ્યુટ થાય છે, તેના આધારે કમ્પોઝિટ ઈન્ડેક્સ કમ્પ્યુટ થાય છે.

આ તમામ ઈન્ડાઈસીસની બેઝ ડેટ હોય છે. આઈકોમડેક્સ ઈન્ડેક્સની બેઝ ડેટ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ નક્કી કરવામાં આવી છે, જ્યારે તેની બેઝ વેલ્યુ ૧૦,૦૦૦ ગણવામાં આવી છે. બજારમાંથી પ્રાપ્ત પ્રતિસાદ મુજબ તેને જો ૧૦,૦૦૦ના બેઝીસ પર કમ્પ્યૂટ કરવામાં આવે તો નિફ્ટીની સાથે કમ્પેર કરી શકાય અને આ ઈન્ડેક્સ નિફ્ટીના લેવલમાં લાવી શકાય. બેઝ ડેટ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫ની નક્કી કરવામાં આવી છે, તેનું કારણ એ છે કે કોઈપણ ઈન્ડેક્સને બનાવવા માટે તેની ત્રણ વર્ષની હિસ્ટ્રી હોવી જરૂરી છે, માટે ત્રણ વર્ષની હિસ્ટ્રી બનાવવા માટે આ તારીખ નક્કી કરવામાં આવી છે. આ તમામ ઈન્ડાઈસીસનું લાઈવ ડિસેમિનેશન ૨૦ ડિસેમ્બર, ૨૦૧૯થી ચાલુ થઈ ગયું છે. તેની આગળના ડેટા ક્લોઝિંગના આધારે વેબસાઈટ પર ઉપલબ્ધ છે. આ તમામ ઈન્ડાઈસીસનો દૈનિક ભાવ ૩૧ ડિસેમ્બર, ૨૦૧૫થી તમને ક્લોઝિંગના આધારે જોવા મળશે. પરંતુ ૨૦ ડિસેમ્બર, ૨૦૧૯થી એક્સચેન્જે તેને લાઈવ કરી દીધા છે, તો આ ઈન્ડેક્સનો ખૂલતો, ઊંચો, નીચો અને બંધ ભાવ બધું જોવા મળે છે. તો આનો ઐતિહાસિક ડેટા કોઈને જોવો હોય તો એક્સચેન્જની વેબસાઈટ પરથી તમે ડાઊનલોડ કરી શકો છો.કોઈપણ ઈન્ડાઈસીસ રિયલ ટાઈમ કમ્પ્યુટ થાય છે અને તે કન્ટીન્યુ હોય છે, તે જ પ્રમાણે આ ઈન્ડાઈસીસ પણ તે જ પ્રકારનો છે. તમામ ઈન્ડાઈસીસ સિંગલ કોમોડિટી ઈન્ડેક્સના બેઝીસ પર બનાવવામાં આવ્યો છે. સિંગલ કોમોડિટી ઈન્ડેક્સ માત્ર ફ્રન્ટ મન્થ, દા.ત. સોનાના વાયદાનો અત્યારે ઓગસ્ટ કોન્ટ્રેક્ટ ચાલી રહ્યો છે, તેના આધારે રિટર્નની ગણતરી કરીને તેનું મૂલ્ય કાઢવામાં આવે છે, તેના આધારે ગોલ્ડ ઈન્ડેક્સ બને છે, જ્યારે ઓગસ્ટ કોન્ટ્રેક્ટ પાકવાનો હોય છે, ત્યારે ઓગસ્ટ કોન્ટ્રેક્ટમાંથી ઓક્ટોબર કોન્ટ્રેક્ટમાં રોલ ઓવર થાય છે. રોલ ઓવર માત્ર બેક-એન્ડ કમ્પ્યુટેશન માટે છે, તેની પોઝિશન રોલ ઓવર થતી નથી. કમ્પ્યુટેશન માટે તે નજીકના મહિનામાંથી નેક્સ્ટ મહિનામાં શિફ્ટ થાય છે. હવે સવાલ એ થાય કે તે ક્યારે થાય છે. તો તમને જણાવી દઉં કે તે એક્સપાયરીના સાત દિવસ પહેલા ચાલુ થઈ જાય છે. એટલે કે ઈ – ૬ડે અને ઈ – ૫ડેના તેને કમ્પ્યુટેશન માટે રોલ ઓવર કરવામાં આવે છે. ઈક્વિટીની દૃષ્ટિએ જોઈએ તો આ કોન્સેપ્ટ નવો છે. ઈક્વિટીમાં રોલ ઓવર થતું નથી, કારણ કે તેમાં કેશ માર્કેટના આધારે થાય છે. આપણે બેઝ બનાવવા માટે તેને

આભાર - નિહારીકા રવિયા

કન્ટીન્યુ રાખવું પડશે, તો તેને શિફ્ટ કરવું જોઈએ, તેના માટે નજીકના મહિનાને ધ્યાનમાં લેવામાં આવે છે, કારણ કે નજીકનો મહિનાનો કોન્ટ્રેક્ટ વધુ લિક્વિડ હોય છે. નજીકના મહિનામાંથી નેક્સ્ટ મહિનામાં શિફ્ટ થાય છે, ત્યારે ધીમે-ધીમે શિફ્ટ થવું જોઈએ. તુરંત શિફ્ટ ન થવું જોઈએ. એટલા માટે બે દિવસનો રોલ ઓવર ગાળો રાખવામાં આવ્યો છે. સ્ટેગર્ડ ડિલિવરી ચાલુ થાય, તેના બે દિવસ પહેલા રોલ ઓવર થઈ જાશે. સેક્ટોરિયલ ઈન્ડેક્સ કે કમ્પોઝિટ ઈન્ડેક્સ, દા.ત. બેન્ક નિફ્ટી કે નિફ્ટી, તે પણ વેઈટેડ એવરેજ જ છે, બધા શેર્સનું વેઈટ હોય છે, તે વેઈટ્સને ભાવ સાથે ગુણીને વેઈટેડ એવરેજ બનાવીને ભાવ ગણવામાં આવે છે, તેને માર્કેટ કેપ કહે છે. તેની જેમ આમાં પણ તેની જેમ જ છે. આમાં ગોલ્ડ અને સિલ્વર ઈન્ડેક્સ બનાવ્યો, તે બેઝ છે, તેના વેઈટ્સ નિર્ધારિત કરી નાખ્યા, તેને પ્રોડક્ટનો સરવાળો કરીને ગુણાકાર કરી નાખ્યા, તો ફાઈનલ ઈન્ડેક્સ આવી ગયો, તેમાં કોઈ ફેરફાર નથી. ઈક્વિટીમાં વેઈટ્સ આઉટ સ્ટેન્ડિંગ શેર્સના આધાર પર બને છે, જયારે અહિંયા વેઈટ્સ એક્સચેન્જ નક્કી કરે છે કે આ વર્ષ માટે આટલા વેઈટ્સ રહેવાના છે, આ વેઈટ્સ વર્ષ દરમિયાન બદલાશે નહીં. ઈક્વિટીમાં થોડા મહિનાઓમાં વેઈટ્સ બદલતા હોય છે, જ્યારે અહિંયા વેઈટ્સ વર્ષમાં એક જ વાર બદલાશે અને તે જાન્યુઆરીમાં બદલાશે. જાન્યુઆરીમાં શું વેઈટ્સ હશે, તેની જાણકારી ઓક્ટોબરમાં જ આપી દેવામાં આવશે, માટે બધાને ત્રણ મહિના પહેલાથી જ ખબર પડી જાશે કે સોનાના આટલા વેઈટ્સ રહેશે અને ચાંદીના આટલા વેઈટ્સ રહેશે, કે પછી બેઝ મેટલ્સના બધાના મળીને આટલા વેઈટ્સ રહેશે. એક્સચેન્જ જાન્યુઆરી ૨૦૨૦ના વેઈટ્સ ડિસેમ્બર, ૨૦૧૯માં પબ્લિશ કરી ચુક્યા છે. આવતા વર્ષમાં તેની જાહેરાત ઓક્ટોબરમાં જ કરી દેવામાં આવશે કે આવતા વર્ષ માટે આટલા વેઈટ્સ રહેશે.

વેઈટ્સ બે પેરામિટર્સના આધારે નિર્ધારિત થાય છે. તમારામાંથી કોઈને પણ વેઈટ્સ વિશે જાણવાની ઈચ્છા હોય તો વેઈટ્સ બે ચીજોથી તૈયાર થાય છે, એક તો લિક્વિડિટી એટલે કે તે કોમોડિટીના ૧૨ મહિનાનું ટર્નઓવર અને બીજું ફિઝીકલ માર્કેટનું કદ એટલે કે હાજર બજારનું કદ. આયાત અને ઉત્પાદન આ બંને વસ્તુને ગુણીને માર્કેટ સાઈઝ બને છે. અહિંયા મહત્તમ વેઈટ્સ લિક્વિડિટીને આપવામાં આવ્યું છે ૭૫ ટકા અને ફિઝીકલ માર્કેટ સાઈઝને ૨૫ ટકાનું વેઈટ્સ આપવામાં આવ્યું છે, કારણ કે લિક્વિડિટીના આધારે આપણી ટ્રેડિંગ પૈટર્ન નક્કી થાય છે.

આ થયું ઈન્ડેક્સ કેવી રીતે બને છે. હવે ઈન્ડેક્સ ઉપર વાયદાના ટ્રેડ થવાના છે. પ્રારંભમાં બુલિયન અને બેઝ મેટલ્સ ઈન્ડેક્સના વાયદા લોન્ચ થવાની સંભાવના છે. સેબીની મંજૂરીને આધિન ઈન્ડેક્સ વાયદાના સંભવિત કોન્ટ્રેક્ટના ધારાધોરણો કેવા હશે તેના પર એક નજર નાખીએ. બુલિયન અને બેઝ મેટલ આ બંને સેક્ટોરિયલ ઈન્ડેક્સ ફ્યુચર્સની લોટ સાઈઝ ૫૦ની છે. ધારો કે બુલિયન ઈન્ડેક્સની વેલ્યૂ ૧૪ હજારની આસપાસની ગણીએ તો ૫૦ની લોટ સાઈઝના હિસાબે બુલિયન ઈન્ડેક્સ અંદાજે રૂ.૭ લાખ આસપાસ અને બેઝ મેટલની વેલ્યૂ ૧૦ હજારની આસપાસ ગણીએ તો ૫૦ની લોટ સાઈઝના હિસાબે રૂ.૫ લાખ આસપાસનો કોન્ટ્રેક્ટ થશે. ટિક સાઈઝ રૂ.૧ની હશે એટલે કે એક ટિકની મૂવમેન્ટમાં ૫૦ રૂપિયાનો નફો-નુકસાન થશે. દૈનિક ભાવ મર્યાદા જેને આપણે સર્કિટ કહીએ છીએ, તે પણ અંતર્ગત વાયદામાં છે, તે પ્રકારની રહેશે. બુલિયનમાં ૩, ૬ અને ૯ની છે અને બેઝ મેટલમાં ૪, ૬ અને ૯ની છે.અહિંયા એક બાબત નોંધપાત્ર છે કે આ ઈન્ડેક્સ વાયદા કેશ સેટલ હશે, તો છેલ્લી ઘડી સુધી તમે તમારી પોઝિશન ઊભી રાખી શકો છો, જે અંતે કેશમાં સેટલ થઈ જાય છે. તેના માટે કોઈ પેનલ્ટી લાગતી નથી. જો તમારી પોઝિશન ઊભી રહી જાય તો બંધ કરીને કેશમાં સેટલ કરી શકો છો. ભાવમાં જે ડિફરન્સ હશે તેના પ્રમાણે સેટલ થઈ શકશે. જેવી રીતે ક્રૂડ તેલમાં થાય છે, તે રીહે પ્રારંભિક માર્જિન, એક્સ્ટ્રિમ લોસ માર્જિન અને એમ-ટૂ-એમ એટલે કે માર્ક-ટુ-માર્ક માર્જિનની ચુકવણી કરવાની રહેશે. ટ્રેડિંગનો સમય સવારે ૯ વાગ્યાથી રાત્રે ૧૧.૩૦ કે ૧૧.૫૫ વાગ્યા સુધીનો રહેશે. માત્ર પાકતી તારીખના દિવસે જે કોન્ટ્રેક્ટની સમાપ્તિ હશે, તેમાં ટ્રેડિંગનો સમય સાંજે ૫ વાગ્યા સુધીનો જ રહેશે. હવે સાંજે ૫ વાગ્યે જે ઈન્ડેક્સ એક્સપાયર થાય છે, તે ક્યા ભાવે એક્સપાયર થાય છે, તેના વિશે થોડું જણાવી દઉં સાંજે ૪થી ૫ વાગ્યા સુધીના સોનાના વાયદા અને ચાંદીના વાયદાનો વીવેપ (વોલ્યૂમ વેઈટેડ એવરેજ પ્રાઈસીસ) લેવામાં આવશે, તેના આધારે ઈન્ડેક્સની ગણતરી થશે. ધારો કે ગોલ્ડ વાયદાના પાંચ કોન્ટ્રેક્ટ છે, તો આ તમામનો વીવેપ લેવામાં આવશે, આ તમામ ભાવોની ગણતરી કરવામાં આવશે, આ ભાવોના આધારે ઈન્ડેક્સ શું આવે છે, તે ભાવના આધારે ડીડીઆર નક્કી થશે.એક્સપાયરી ઈ – ૭ ડેની છે, આનું લૉજિક કંઈક આ પ્રકારનું છે. માની લો કે ગોલ્ડ ફ્યુચર્સ ૫ ઓગસ્ટના રોજ સમાપ્ત થાય છે, તો ૫ ઓગસ્ટથી સાત દિવસ પહેલાની તારીખ, તે ઈન્ડેક્સ ફ્યુચર્સની એક્સપાયરી હશે. આ ખાલી લૉજિક છે, બાકી તો જે લોકો ટ્રેડ કરશે તેમને સ્ક્રીન પર એક્સપાયરી ડેટ જોવા મળી જ જશે. આ લૉજિક માત્ર અલ્ગો ટ્રેડર્સ માટે છે, તેમને બેક-એન્ડમાં લૉજિક બેસાડવાની હોય છે, તેમના માટે છે.

## આમાંનું એકપણ વાક્ય નપસંદ પડે તો , મને પાછું આપશો !....

મતું હોય તે મળતું નથી,મળે છે તે ગમતું નથી....ગજબ છે ઝીંદગી ની રમતો , આવે જયારે ૩ એક્કા ત્યારે સામે કોઈ રમતું નથી.

કેટલુ સરળ છે ઈશ્વર ' ને ' માનવું . પરંતુ, કેટલુ કઠણ છે ઈશ્વર ' નુ' માનવું.

સબંધના મોતિ પરોવી રાખજો, વિશ્વાસની દોરી મજબુત બનાવી રાખજો, અમે ક્યાં કીધું કે અમારા જ દોસ્ત બનીને રહો , પણ તમારા દોસ્તો ની યાદીમાં, એક નામ અમારું પણ રાખજો.

નયન મળતા નયન શરમાઈ જશે, મન મળતા મન હરખાઈ જશે, જીંદગી છે તો

માં - બાપની સેવા કરી જોજો, સ્વર્ગ શુ છે, તે જીવતા જીવતા સમજી જશો.

કેટલાક સંબંધો જીવન સાથે વણાઈ જાય છે, કેટલીક યાદો સ્વપ્ન બનીને રહી જાય છે, લાખો મુસાફિર પસાર થઈ જાય તો પણ, કોઈકના પગલા કાયમ માટે યાદ રહી જાય છે.

ઝીંદગી મળવી એ નસીબની વાત છે, મોત મળવું એ સમયની વાત છે પણ મોત પછી પણ કોઈના દિલમાં જીવતા રેહવું એ ઝીંદગીમાં કરેલા કર્મની વાત છે.

પાનખરમાં વસંત થવુ મને ગમે છે, યાદોની વર્ષામાં ભીંજાવુ મને ગમે છે, આંખ તો ભીની કાયમ રહે છે, તો પણ કોઈના માટે હસતા રહેવું ગમે છે.

મોકલું છું મીઠી યાદ, ક્યાંક સાચવી રાખજો, મિત્રો હમેશા અમૂલ્ય છે, યાદ રાખજો,તડકામાં છાયો ના લાવી શકે તો કંઈ નહિ, ખુલા પગે તમારી સાથે ચાલશે એજ યાદ રાખજો.

આંસુ સુકાયા પછી જે મળવા આવે, એ સંબંધ છે, ને આંસુ પેહેલા જે આવે એ પ્રેમ છે.

દરેક ઘર નું સરનામું તો હોય, પણ ગમતા સરનામે ઘર બની જાય એ જ જીવન છે.

નસીબ નું ક્યારેય કોઈ ઝુંટવીશકતું નથી, અને ઝૂંટવી જાય એ ક્યારેય નસીબ માં હોતું નથી.

જ્યારે કોઈ હાથ અને સાથ બંને છોડી દે ત્યારે, કુદરત કોઈ આંગળી પકડનાર મોકલી જ દે છે કદાચ આનું નામ જ

જિંદગી છે.

## કેશોદના પ્રથમ નાગરિક નાં પુત્ર પર છરી બતાવી કરી મારઝૂડ

કેશોદઃ (રાજુભાઈ પંડ્યા)

કેશોદ શહેરના માંગરોળ રોડ પર રહેતાં અક્ષર યોગેશભાઈ સાવલીયા દ્વારા કેશોદ પોલીસ સ્ટેશનમાં ત્રણ શખ્સોએ છરી બતાવી માર મારી ભુંડી ગાળો આપી મારઝૂડ કરી હતી. ફરિયાદી અક્ષરભાઈ સાવલીયા કેશોદ નગરપાલિકા પ્રમુખ અને કેશોદ વેપારી મહામંડળ નાં પ્રમુખ યોગેશભાઈ સાવલીયા નો પુત્ર છે. કેશોદ શહેરના અગતરાય રોડ પર પાનદેવ સમાજ સામેના પેટ્રોલ પંપ પર વાહન નંબર ષ્ત્ન/૧૧/ઝમ/૯૯૨૨ એકટીવા લઈને પેટ્રોલ ભરાવવા ગયા હતા ત્યારે બીજી બાજુ થી ત્રણ સવારી મોટરસાયકલ લઈને આવેલા અક્ષરભાઈ સાવલીયા ને સામું શું જુવે છે કહીને ભુંડી ગાળો ભાંડી હતી અને એક શખ્સ દ્વારા છરી લઈને મારવા દોડતાં જેમીન વિનુભાઈ વણપરીયા વચ્ચે જઈ છુટા પાડયા હતા. કેશોદ પોલીસ દ્વારા આકીબ રજાક મહીડા, ઈલૂ ઈબ્રાહિમ મહીડા અને છરી ધરાવતા અયાન જેઠવા ઉર્ફે સુર્યા વિરુદ્ધ કેશોદ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવા પીએસઆઈ મહિપતસિંહ છત્રસિંહ ચુડાસમા ને તપાસ સોંપવામાં આવી છે. કેશોદ નગરપાલિકા પ્રમુખ યોગેશભાઈ સાવલીયા નાં પુત્ર પર હુમલો કર્યો હોય ત્યારે જીલ્લા પોલીસ વડા સૌરભસિહ દ્વારા માર્ગદર્શન અને સુચનાઓ આપી આરોપીઓ ને ઝડપી પાડવા ટીમોને જવાબદારી સોંપવામાં આવી છે. કેશોદના પાનદેવ સમાજ સામેના પેટ્રોલ પંપ પર લગાવવામાં આવેલાં સીસીટીવી કેમેરા નાં ફુટેજ તપાસવામાં આવ્યા છે. કેશોદ નગરપાલિકા નાં પ્રમુખ અને કેશોદ વેપારી મહામંડળ પ્રમુખ યોગેશભાઈ સાવલીયા નાં પુત્ર સાથે ગાળાગાળી કરી માર મારી છરી બતાવી ધમકી આપી છે ત્યારે કેશોદ ટોક ઓફ ટાઉન બનેલ છે.

## GIDC નાં ચેરમેન બલવંતસિંહ રાજપૂતે યોગાસન કરી ફોટસને સોશિયલ મીડીયામાં પોસ્ટ કર્યો

ધૃવ દવે સિદ્ધપુર

વૈશ્વિક કોરોનાની મહામારી ના યોગ કરો અને કોરોના ને ભગાવો સૂત્રને સાર્થક કરવા આ વર્ષનાં વિશ્વ યોગ દિવસને ઘર માં ઉજવવાનો છે.૧૪ થી ૨૧ જૂન સરકાર દ્વારા નક્કી કરાયેલા વિવિધ કાર્યક્રમો ઘરે રહીને યોગ સપ્તાહની ઉજવણી કરવાનુ આયોજન કરાયુ છે.આ ઉજવણી અંતર્ગત ૧૯મી નાં રોજ પસંદગીનાં એક યોગનુ આસન કરી તે ફોટાને સોશિયલ મીડીયામાં પોસ્ટ કરવાનો હતો.આ અંતર્ગત જીઆઈડીસી નાં ચેરમેન બલવંતસિહ રાજપૂત દ્વારા પસંદગીનુ એક યોગાસન કરી ઈંઢ ર્ઈક્ક મીઠં ઝહિક પર પોસ્ટ કરી અભિયાન માં ભાગ લેવામાં આવ્યો.

## સિધ્ધપુર તાલુકા પ્રા.આ. કેન્દ્ર અને પેટા આરોગ્ય કેન્દ્રમાં યોગ કાર્યક્રમ યોજાશે

ધૃવ દવે સિદ્ધપુર

યોગ એક પ્રાચિન શારિરીક,માનસિક અને આધ્યાત્મિક પ્રણાલી છે.યોગ એ એક સંસ્કૃત શબ્દ છે તેનોઅર્થ..એક કરવુ..જોડાણ કરવુ એમ થાય છે.સમગ્ર વિશ્વ ને યોગ ની ભેટ ભારતે આપી છે.૨૧મી જૂન વિશ્વ યોગ દિવસ તરીકે સમગ્ર વિશ્વ માં ઉજવાય છે.ભારત સરકારનાં આયુષ્યમાન ભારત યોજના અંતર્ગત સિધ્ધપુર તાલુકાનાં તમામ પ્રા.આ. કેન્દ્ર અને ૧૬ જેટલાં પેટા આરોગ્ય કેન્દ્ર માં ગ્રામ્ય કક્ષા એ આગામી ૨૧મી એ સામાજિક અંતરના પાલન સાથે યોગ કાર્યક્રમ યોજાનાર હોવાનુ ટીએચઓ ડૉ. આર.ડી. નાયકે જણાવ્યુ હતું. સિધ્ધપુર તાલુકા હેલ્થ ઓફિસરનાં મોનિટરીગ મુજબ હેલ્થ એન્ડ વેલ્નેસ સેન્ટરનાં સીએચઓ અને આરોગ્ય કર્મીઓ દ્વારા ગ્રામ્ય કક્ષા એ લોકોમાં યોગ વિશેની જાગૃતિ આવે તે માટે યોગ સપ્તાહ ના નિયત દિવસો માં સામાજિક અંતર જાળવી લોકોને યોગાભ્યાસ કરાવવામાં આવે છે.૨૧મી નાં રોજ યોજાનાર કાર્યક્રમમાં તાલુકા અધિકારીઓ અને ગ્રામ્ય કક્ષાનાં કર્મચારીઓ સહિત પંચાયત કક્ષાના સભ્યો ભાગ લેનાર છે. તાલુકાનાં તમામ નાગરિકો ૨૧મી ના રોજ યોગ કરે અને નિયમિત યોગ ને જીવનમાં સ્થાન આપે તેવી ટીએચઓ ડૉ.નાયકે લોકોને અપિલ કરી છે.

# શંખેશ્વરમાં પુ.રત્નશેખરસૂરિ મ.સા.ની સાતમી પુણ્યતિથિએ સ્ટાફને પ્રભાવના આપવામાં આવેલ



શંખેશ્વર મહાતીર્થે ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ ના પ્રાંગણે પ્રેમરત્ન પરિવાર દ્વારા તપાગચ્છાધિપતિ પ. પુ આ. ભ. શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબ ના શિષ્યરત્ન જંગમરત્ન તીર્થ પ્રેરક,માનવતાના મસીહા,પ.પૂ. આ.ભ.શ્રીમદ્ વિજય રત્નશેખરસુરીશ્વરજી મહારાજ સાહેબની સાતમી સ્વર્ગારોહણ તિથિ નિમિત્તે એક કિલો ગોળ ના રવાની પ્રભાવના કરવામાં આવેલ.પુજય મુનિરાજ નયશેખર વિજયજી મ.સા. અને પુજય મુનિરાજ શૌર્યશેખર વિજયજી મ.સા.ના માર્ગદર્શન હેઠળ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર ટ્રસ્ટના કર્મચારી સ્ટાફ ગણ,શ્રી જંગમરત્ન તીર્થ ધામ-જેસડા ના સ્ટાફ ગણ તથા શ્રી પાશ્વચંદ્રસૂરી દાદાવાડી જહાજ મંદિર-શંખેશ્વર ના કર્મચારી સ્ટાફ ગણને એક કિલો ગોળ ના રવાની પ્રભાવના કરવામાં આવેલ.દરેક સ્ટાફ ગણને પહેલા પુજય રત્નશેખરસૂરીશ્વરજી મહારાજાના તસ્વીર સામે દર્શન-વંદન કરી આશીર્વાદ લીધેલ.આ પ્રસંગે પુજય મુનિરાજ શ્રી નયશેખર વિજયજી મ.સા,પુજય મુનિરાજ શ્રી શૌર્યશેખર વિજયજી મ.સા. ના પાવનકારી નિશ્રામાં યોજાયેલ.આ ગોળના રવાની પ્રભાવના શંખેશ્વરના જીજ્ઞા કોમ્પ્યુટર ક્લાસીસ ના શ્રીમતી જીજ્ઞાબેન શેઠ દ્વારા વિતરણ કરવામાં આવેલ.આ ગોળ ના લાભાર્થી પરમ ગુરુભક્ત પરિવારે લાભ લીધેલ.આ પ્રસંગે દાતા પરિવાર ની પ્રેમરત્ન પરિવારે તેમની ખુબ ખુબ અનુમોદના કરેલ.અને ભવિષ્યમાં પણ આના કરતા સવાયા કાર્ય કરતા રહો એવી શુભ મંગલ કામના પાઠવેલ.૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટના સ્ટાફ ગણ,શ્રી જંગમ રત્ન તીર્થ ધામના સ્ટાફ ગણ અને શ્રી પાશ્વચંદ્રસૂરી દાદાવાડી જહાજ મંદિરના કર્મચારી સ્ટાફ ગણને એક કિલો ગોળ ના રવાની પ્રભાવના કરવામાં આવેલ.પુજય જૈનાચાર્ય રત્નશેખરસૂરીશ્વરજી મ.સા ની સાતમી પુણ્યતિથિ નિમિત્તે વિવિધિ જગ્યાએ પરમાત્મા ની આંગી,જીવદયા,અનુકંપા દાન,ભોજન સેવા વિગેરે કાર્યો કરવામાં આવશે. જેઠી નિલેશ પાટણ

## યુવતીને સખી વન સ્ટોપ ખસેડાઈ

# મોડાસાની સર્વોદયનગર વિસ્તારમાં યુવતીની માનસિક સ્થિતિ કથળતા માતાએ ૧૮૧ અભયમ મહિલાની મદદ લીધી

અરવલ્લી બ્યુરો મોડાસા

મોડાસા શહેરના સર્વોદ નગર વિસ્તારમાં રહેતી વિધવા માની ૧૯ વર્ષિય યુવતી ની માનસિક સ્થિતિ કથળી જતા સમગ્ર વિસ્તારમાં લોકોને હેરાન પરેશાન કરી મુકતા વિધવા મહિલાએ પોતાની પુત્રી ને સારવાર મળી રહે અને લોકોની પજવણી પણ બંધ થાય તે માટે ૧૮૧ અભયમ હેલ્પલાઈનન મદદ લેતા અરવલ્લી ૧૮૧ અભયમ ની ટીમના મહિલા કાઉન્સિલર શિલ્પા ગામેતી કોન્સ્ટેબલ ઈલાબેન અને પાયલોટ જીતેન્દ્રભાઈ તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી વિધવા માતાની મદદ કરવાની સાથે માનસિક અસ્થિર યુવતીને સારવાર અર્થે સખી વન સ્ટોપ ખસેડી હતી

મોડાસા ડુંગરી સર્વોદય વિસ્તારમાં રહેતી ૧૯ વર્ષ ની યુવતી ની ૨ માસ થી માનસિક સ્થિતિ બગડી જતા વિસ્તાર ના લોકો માટે પરેશાની ઉભી થઇ.. આજુ બાજુ માં રહેતા લોકો ને નુકસાન કરેલ તેમજ વિહકલ ની તોડફોડ કરી લોકો ને ત્રાહિમામ કરી હેરાન પરેશાન કર્યા હતા યુવતી ના માતા વિધવા હોયેલ ઘર ના કચરા પોતા કરી ઘર નું ગુજરાન ચલાવે છે. આર્થિક પરિસ્થિતિ સારી ના હોવા થી સારવાર માટે જઈ શકે તેવી હાલત નથી.

આથી યુવતી ના માતા એ ૧૮૧ હેલ્પલાઇન નો ઉપયોગ કરેલ. દીકરી ની યોગ્ય સારવાર માટે મદદ મેળવેલ. યુવતી નું યોગ્ય ઘડતર થાય તે અર્થે સખી વન સ્ટોપ સેન્ટરમાં મુકવાનો નિર્ણય કરેલ. યુવતી ની માતા ની મંજૂરી થી પોલિસ સ્ટેશન નું મંજૂરી પત્ર લઈ ને યુવતી ને વન સ્ટોપ સેન્ટર માં મૂકી ૧૮૧ અભયમ ટીમે પોતાની ફરજ પુરી કરેલ.

# દરેક જ્ઞાતિના સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગને અનામત મળવી જોઈએ

તાજેતરની રાજકીય અને સામાજીક ઘટનાઓ અને વાતાવરણથી એવું સ્પષ્ટ થાય છે કે ગુજરતનો સમાજ અને ભારતનો સમાજ અવળા માર્ગે ફંટાય રહ્યો છે

ગુજરાતમાં પછાત વર્ગને મળતા અનામતના લાભો માટે રાજયની સૌથી સમૃધ્ધ જ્ઞાતિના લોકોએ આંદોલન ચલાવ્યુ સામે પક્ષે અનામતનો લાભ મેળવતી જ્ઞાતિઓએ પ્રતિ આંદોલન કર્યુ આ બધુ થાય તેની પાછળ ફકત રાજકારણ જવાબદાર નથી પણ સતત વધતી બેરોજગારી અને શિક્ષણનો વેપાર પણ મહત્વના છે

શિક્ષણનું વ્યાપારીકરણ થયા પછી રાજય સરકાર શિક્ષણની સેવાઓમાંથી સમુળગા હાથ ખંખેરી રહી છે તો બીજી તરફ વ્યવસાયીક શિક્ષણ વ્યવસ્થાઓમાં બાળકો "ઢ" થતા જાય છે તેથી સામાન્ય રચનાત્મકતાનો વિકાસ થતો નથી રોજગાર માટે ટેબલ ખુરશીમાં મગજ ચોંટાડી ચુકેલી આવતી પેઢીઓમાં રચનાત્મકતાની ઉણપ આવતી જાય છે શિક્ષિત બેરોજગારીની સાપેક્ષે અશિક્ષિત બેરોજગારી વધુ છે મજુર અને કારીગર વર્ગના લોકો પાસે હવે ફરી ભણવાની અને ડીગ્રીઓ મેળવવાની ઉંમર નથી રોજગારીની સમસ્યા પાછળ રાજકીય ભ્રષ્ટાચારનો બહુમુલ્ય ફાળો હોય છે શિક્ષણનો વેપાર રાજનીતિનો ભ્રષ્ટાચાર છે તેમ બેરોજગારી પણ ભ્રષ્ટ રાજનીતિની દેન છે એકના એક લોકો વર્ષો સુધી સતા ભોગવતા રહે છે એક રીતે જોઈએ તો ટુંકી મુદતની રાજાશાહી જેવું છે.અનામત માટેની માંગણી કરનાર પાટીદાર અને અન્ય સવર્ણોની વાત સાચી હોવા છતાં અનામતના લાભો અંગેની સંવૈધાનીક જોગવાઈઓ પ્રમાણે તદન વિપરીત અને ખોટી છે અનામતના લાભો દરેક જ્ઞાતીના શૈક્ષણિક અને સામાજીક પછાત વર્ગના લોકોને આપવા માટે શોભાના ગાઠીયા જેવું આયોગ હોય છે આર્થીક અને સામાજીક અવલોકન કરવાની સરાકર પાસે કોઈ વ્યવસ્થાઓ નથી તેથી કેટલા લોકો સામાજીક અને આર્થીક તેમજ શૈક્ષણિક પછાત છે તે નક્કી કરી શકાતુ નથી તેથી પછાતના લાભો વારંવાર અપાય છે અને પછાત વર્ગના લોકો વર્ષોથી લાભ મેળવીને શ્રીમંત થયા પછી પણ પછાત બની લાભો મેળવે છે

સામાજીક અને શૈક્ષણિક પછાતના ઉધ્ધાર માટે ભારતના સંવિધાનની જોગાવાઈ જોઈએ તો સત્ય સમજાશે સંવિધાનના ભાગ-૧૬ના અનુચ્છેદ ૨૪૦ ને સમજીએ

પ.( " અનુચ્છેદ ૩૪૦? –(૧) ભારતના રાજય ક્ષેત્રની અંદર સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગિની સ્થિતિ અને તેમને વેઠવી પડતી મુશ્કેલીઓની તપાસ કરવા અને તેવી મુશ્કેલીઓ દૂર કરવા અને તેમની સ્થિતિ શુધારવા માટે સંઘે અથવા કોઈ રાજ્યે લેકવા જોઈતા પગલાં વિષે અને સંઘે અથવા કોઈ રાજ્યે તે હેતું માટે આપવા જોઈતા અનુદાન વિષે અને તેવા અનુદાન જે શરતોએ આપવા જોઈએ તે વિષે ભલામણો કરવા રાષ્ટ્રપતિ હુકમ કરીને પોતાને યોગ્ય લાગે તેવી વ્યક્તિઓનું બનેલુ એક આયોગ નીમી શકશે અને આવા આયોગની નિમણુક કરતા હુકમથી તે આયોગને અનુસરવાની કાર્ય પધ્ધતિ મુકરર કરી શકશે.

(૨) એવી રીતે નીમેલુ આયોગ તેને વિચારણમાં સોંપેલી બાબતોની તપાસ કરશે અને તેને જણાવેલી હક્કિતો દર્શાવતો અને પોતાને યોગ્ય લાગે તેવી ભલામણો કરતો રીપોર્ટ રાષ્ટ્રપતિ સમક્ષ રજુ કરશે

(૩) એ રીતે રજુ થયેલા રીપોર્ટ ઉપર લેવામાં આવેલા પગલાંની સ્મજુતી આપતી યાદી આથે રાષ્ટ્રપતિ તે રીપોર્ટની એક નકલ સંસદના દરેક ગૃહ સમક્ષ મુકાવશેપપપપ)

સામાજીક અને શૈક્ષણિક પછાત વર્ગોની સ્થિતિ અંગેની તપાસ અને તે સ્થિતિ સુધારવા માટે પગલા લેવા આયોગની રચના કરવાનો ઉલ્લેખ છે આ અનુચ્છેદમાં ક્યાંય જ્ઞાતિ શબ્દનો ઉલ્લેખ નથી રાજયની અંદરના પછાત વર્ગોની સ્થિતિ સુધારવા માટે આયોગ છે આમ કોઈ જ્ઞાતિને અનામત કે ખાસ દરજ્જો આપવાની સ્વતંત્ર સતા રાજય સરકાર પાસે નથી ભુતકાળમાં દેશના રાજકીય પક્ષો અને રાજકારણીઓએ દરેક જ્ઞાતિના પછાત વર્ગોને બદલે પોતાના મતની રાજનિતી માટે પછાત વર્ગને બદલે આખેઆખી જ્ઞાતિઓને અનામત દરજ્જો અપાવી દિધેલ છે

દરેક જ્ઞાતિ અને દરેક કોમમાં ત્રણ પ્રકારના વર્ગો હોય છે શ્રીમત વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ આમ પ્રત્યેક જ્ઞાતિમાં ગરીબ વર્ગ હોય છે તે વર્ગના સામાજીક અને શૈક્ષણિક પછાત લોકોને અનામત દરજ્જે સમાજના મધ્યમ વર્ગમાં સામેલ કરવા ઉચીત પગલા લેવા આયોગની રચના થયેલી છે આયોગનું નામ પછાત વર્ગનું પંચ એવું છે પછાત જ્ઞાતિઓનું પંચ નથીઅનામત માટે દરેક વર્ગના લોકોએ આયોગમાં વિગતો આપી, ગરીબ વર્ગના લોકો-પરીવારોનો સર્વે કરાવી, તેને પ્રમાણિત કરી, તેઓને કેવા અને ક્યા લાભો કેટલા સમય સુધી, આપવા તેનો તે માટે રાજ્ય સરકાર દ્વારા લેવા જરૂરી પગલાંઓની ભલામણો સાથે રાષ્ટ્રપતિ સમક્ષ રીપોર્ટ કરવાનો હોય છે રાજ્ય સરકાર અને આયોગને પણ કોઈ વર્ગને સ્વતંત્ર રીતે અનામતના લાભો આપવાની સતા નથીઓબીસી જ્ઞાતિઓમાં પણ શ્રીમત વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ છે તેવી રીતે બિનઅનામત ગણાતી સવર્ણોની જ્ઞાતિઓમાં શ્રીમત વર્ગ, મધ્યમ વર્ગ અને ગરીબ વર્ગ છે રાજકીય સ્વાર્થ અને મતની ગંદી રાજનીતિમાં ક્યારેય સંવિધાનના અનુચ્છેદના નિયમો અને પેટા નિયમોના પવિત્ર અર્થઘટન કરવામાં આવ્યા નથી પક્ષ પલ્ટુ હોય તેવા વિશ્વાસઘાતીઓથી આજની રાજનીતિ ચાલે છે તેથી પવિત્ર અર્થઘટન કરે કોણ તે પણ સમસ્યા છે જ્ઞાતિવાદી રાજનીતિ ધરાવતા આપણા મુખ્ય બંને પક્ષો આ સમસ્યા પેદા કરે છે

આજે ગુજરાતમાં ભાજપનું શાસન છે તે પહેલા કોંગ્રેસનું શાસન હતું પરંતુ બંને પક્ષમાં ઓરીજનલ કોંગ્રેસી અને ભાજપી નક્કી કરી શકાતા નથી આ રાજકીય પક્ષો કોમર્શેયલ કંઅપ્રીઓ જેવા છે સામાન્ય નાગરીકના મતાધિકાર અને કરવેરાની તીજોરીનો ધંધો કરવા સિવાય રાજકીય પક્ષો કોઈ કામ કરતાં નથી ભાજપ અને કોંગ્રેસના પ્રથમ હરોળના નેતાઓ કરોડોપતિ અને અબજોપતિ છેશિક્ષણનો વેપાર બંધ થાય અને શિક્ષણ મફત મળતું થયા તો શિક્ષણ ખર્ચનો બચાવ થાય અને ગરીબ તથા મધ્યમ વર્ગના પરીવારો ઉપરથી એક મોટો બોજો દુર થાય, રોજગારી માટે સહકારી સ્તરે ગ્રામ્ય વિસ્તારોમાં ઉત્પાદન એકમો અને વ્યાપારી એકમો સ્થાપવા જરૂરી છે, રાજ્યમાં ૩,૬૦,૦૦૦ હેકટર જમીન ફાજલ પડી છે આ જમીનોને ફર્ટીલાઈઝ કરવાથી કૃષિ ઉત્પાદન વધારવું જોઈએ ગુજરાત પાસે ૪ કરોડથી થી વધુ યુવાઓ છે તેમા ૨ લાખથી વધુ બેરોજગાર અથાવ અનિયમિત રોજગારમાં છે જે બેરોજગારી બરાબર છે.રાજય સરકારમાં દમનકારી લોકો શાસનમાં છે સામાન્ય માનવીની અને ગરીબોની દયનીય સ્થિતિ સુધારવાની પડી નથી જયાંથી મળે ત્યાંથી પૈસા ખેંચવા સિવાય આજનારાજકારણીઓની બીજી કોઈ નીતિ નથી ડગલે ને પગલે લાંચ રીશ્વત ફરજીયાત છે આમ જોઈએ તો લોકશાહીને લાયક પ્રશાસન આપી શકે તેવો હાલમાં ચૂંતાયેલો એકપણ નેતા નથી તેની વ્યક્તિગત બુધ્ધી ઠોકી ઠોકીને રાજયની બરબાદી વધારવા સિવાય કોઈ કામ થતું નથી માટે રાજયની પ્રજાએ હવે જ્ઞાતિવાદ છોડીને વાસ્તવવાદમાં આવવાની જરૂર છેપાટીદારો રાજપુતો બ્રાહ્મણો જેવી અનેક સવર્ણ જ્ઞાતિઓમાં ગરીબ અને પછાત વર્ગ છે દરેકજ્ઞાતિના પછાત પરીવારોના વર્ગને અનામતનો લાભ આપીને સમાજના સામાન્ય પ્રવાહમાં જોડવા પડશે.ભાજપ અને કોંગ્રેસના એકવાર ચૂટાયેલા બધા નેતાઓની સંપુર્ણ બાદબાકી થાય તો જ રાજયમાં શિક્ષણ મફત મળશે અને વધુને વધુ રોજગારી નિર્માણ કરી શકાશે

રાતદિવસ રાજકીય અભિગમથી કાર્યક્રમો કરનારા નેતાઓથી ક્યારેય નિષ્પક્ષ વિકાસ અને સમરસ પ્રશાસન થઈ શકતું નથી રાજય સરકાર જુદા જુદા વિભાગો અને યોજનાઓના નામે કાર્યક્રમો કરવાના કરોડો-અબજોના ખર્ચા કરે છે પણ આજ સુધીમાં ભારતનું સંવિધાન અને રાજયમં કંઈ કંઈ ચીજ વસ્તુઓ ઉપર કેટલો કરવેરો વસુલ થાય છે તેની ટેક્સ જંત્રીની બુક સરકારી ખર્ચે છપાવીને રાજયાના દરેક ઘર સુધી પહોચાડી નથી લાખો રૂપીયાનો પગાર લેતા અધિકારીઓ આમાન્ય માણસને પૈસા લીધા વિના કામ કરી આપતા નથી પ્રશાસનના રાજય સેવકો હવે પ્રજા ઉપર સુબેદારી કરી રહ્યા છે ત્યારે રાજ્યની પ્રજાએ સત્ય સમજીને નવનિર્માણ માટે સક્રિય થવું પડશે રાજયની સુવ્યવસ્થાઓ અને મફત શિક્ષણ તથા બેરોજગારીની સમસ્યાઓને નાબુદ કરવા પાટીદાર, કોળી, અને ઠાકોર સહિત દરેક જ્ઞાતિના યુવા નેતાઓએ અનામત અને બિન અનામતના આંદોલન છોડીને સાચુ આંદોલન કરવું જોઈએ.દરેક જ્ઞાતિના આગેવાનોએ રાજકીય પક્ષોમાં જોડાયને પોતાની જ્ઞાતિઓના સોદા કર્યા છે પોતાના અંગત સ્વાર્થે આખી જ્ઞાતિઓને કોઈને કોઈ પક્ષના ગુલામ બનાવ્યા છે યુવાનોએ જ્ઞાતિવાદ છોડીને યુવા અને નવરચનાના વાદે લોકશાહી આંદોલન કરવાની જરૂર છે.

## વકીલની વ્યથા બાબતે ઘણા સિનિયર એડવોકેટ સાહેબ ધ્વારા ઘણી આપવીતી લખવામાં આવી પણ

# આજીજી સ્વરૂપે હક્ક અને અધિકાર ની ભાષામાં નહીં વાચો હક્ક અધિકાર બાબતે

ડિઝાસ્ટર મેનેજમેન્ટ એકટ ની કલમ-૧૨ હેઠળ વિપદાથી જે પીડિત છે તેમને મદદ/સહાય/ફૂડ/શેલ્ટર/પીવાનું પાણી/સેનિટેશન અંગે મિનિમમ સ્ટાન્ડર્ડ નક્કી કરવાનું ઠરાવ્યું છે

કોરોનાં મહામારીનાં કારણથી છેલ્લા ત્રણ માસ કરતાં વધુ સમયથી ગુજરાતની તમામ કોર્ટો બંધ હોવાનાં કારણે અને સરકાર ધ્વારા પણ લોક ડાઉન આપેલ હોવાથી અને બાર કાઉન્સિલનાં નિતીનિયમો મુજબ વકીલશ્રીઓ અન્ય કોઈપણ કામકાજ કરી શકતા નથી જેથી હાલમાં ઘણાં વકીલોને પરિવારનું જીવન નિર્વાહ કરવામાં ખુબ જ તકલીફો પડી રહેલ છે જો આજ પરિસ્થિતિ વધુ સમય રહેશે તો ઘણાં વકીલશ્રીઓ અને તેમના પરિવારને જીવન જીવવું દુસ્વાર બની જશે.

પરંતુ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અન્વયે કોઈ કાર્યવાહી સિનિયર એડવોકેટ એ કે બાર કાઉન્સિલ ઓફ ઈન્ડિયા કે બાર કાઉન્સિલ ઓફ ગુજરાતે કરેલ નથી.

હું રાજેશ જી,સોલંકી એડવોકેટ એન્ડ નોટરી કેટલીક માહિતી આપ સાહેબ સમક્ષ રજુ કરુ છું.

ધ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ-૨૦૦૫. આ કાયદા પાછળ તે વખતના PM ડો. મનમોહનસિંઘની દ્રષ્ટિ હતી. ૨૪ માર્ચ, ૨૦૨૦ના રોજ, આ એક્ટમાં 'નેશનલ મેનેજમેન્ટ ઓથોરિટી'ની જોગવાઈ છે; તેના અધ્યક્ષ PM છે અને બીજા ૯ સભ્યોની નિયુક્તિ કરવામાં આવે છે. આ ઓથોરિટીને બધી સત્તા છે. આ કાયદો બીજા બધા કાયદાઓની ઉપરવટ છે. આ કાયદા હેઠળના આદેશોનો અમલ ન કરવામાં આવે તો એક વરસની કેદ/દંડની સજા અને બીજું નુકશાન કરેલ હોય તો બે વરસની કેદ/દંડની સજા થાય. ડોક્ટર/પોલીસ/અન્ય કર્મચારી ફરજ છોડીને જતા રહે તો એક વરસની કેદ/દંડ થાય. COVID -19 ને રોકવા માટે સોશિયલ ડિસ્ટેન્સિંગ એટલેકે ફિઝિકલ ડિસ્ટેન્સિંગ માટેના ઉપાયો અસરકારક રીતે અમલમાં મૂકી શકાય તે માટે લોકડાઉનનો અમલ કરાવ્યો છે. આ કાયદાનો હેતુ કુદરતી કે માનવસર્જિત વિપદાઓ વેળાએ વ્યવસ્થા/મેનેજમેન્ટ જાળવવાનો છે. દેશ/રાજ્ય/જિલ્લા કક્ષાએ મેનેજમેન્ટ ઓથોરિટીની રચના થયેલ છે. આ ઓથોરિટીને એ સત્તા છે કે જરુર પડે તો કોઈપણ સાધનો/વાહનો/મકાનો પોતાને હસ્તક લઈ શકે છે.

કાયદો છે; ઓથોરિટી છે; પરંતુ અમલમાં નિષ્ઠા ન હોય તો ગમે તેવો સારો કાયદો મદદ કરતો નથી. કાયદાની જોગવાઈઓનો અમલ ખુદ સરકાર ન કરે તો કોને ફરિયાદ કરવી? કાયદા ની કલમ-૪૦ હેઠળ 'નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફંડ'ની જોગવાઈ છે; તેમાં પાર્લામેન્ટ તથા ઈન્ડસ્ટ્રીઝના લોકો તરફથી જે ફંડ મળે તે જમા કરવાનું હોય છે;

કલમ-૪૭ હેઠળ 'નેશનલ મિટિગેશન ફંડ'ની જોગવાઈ છે; જે હેઠળ શ્રમિકો/બેરોજગારો/અસરગ્રસ્તોને મદદ કરવાની હોય છે. તેમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારનો હિસ્સો હોવો જોઈએ. મિટિગેશન ફંડમાં નાણા અપૂરતા છે. કલમ-૧૦ હેઠળની સચિવ કક્ષાની નેશનલ એક્ઝિક્યુટિવ કમિટીને મિટિગેશન ફંડને ફાળવવાની સત્તા છે. આપદાને/વિપદાને પહોંચી વળવા માટે કલમ-૧૧ હેઠળ 'નેશનલ પ્લાન' તૈયાર કરવાનો હોય છે.

કલમ-૧૨ હેઠળ વિપદાથી જે પીડિત છે તેમને મદદ/સહાય/ફૂડ/શેલ્ટર/પીવાનું પાણી/સેનિટેશન અંગે મિનિમમ સ્ટાન્ડર્ડ નક્કી કરવાનું ઠરાવ્યું છે. વિધવાઓ/નિરાશ્રિતો માટેની જોગવાઈ કરવાનું ઠરાવ્યું છે. જેના જીવ ગયા છે; એમના વારસદારોને કેટલું વળતર આપવું તે નક્કી કરવાનું છે. અસરગ્રસ્તોને લોન/રીલોન/સહાયના ધોરણો નક્કી કરવાના છે. કોરોના મહામારીના આ ઐતિહાસિક સંકટ વેળાએ બધા પક્ષોની 'નેશનલ ગવર્નમેન્ટ'ની રચના કરવા સુપ્રિમકોર્ટના પૂર્વ જજે વિનંતિ કરી છે. કદાચ એ શક્ય ન બને; પરંતુ સ કે તેમના પ્રતિનિધિ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ કઈ કઈ કાર્યવાહી કરી અને કઈ કઈ કાર્યવાહી કરવા માંગે છે; તે અંગે દેશના નાગરિકોને માહિતગાર તો કરી જ શકે ! વિચારો; પીડિતો/અસરગ્રસ્તો/શ્રમિકો માટે 'નેશનલ પ્લાન' તૈયાર કરી તેને અમલમાં મૂકવાની જરુરિયાત છે કે નહી

બધા બાર ના લોકો વકીલ હિતની વાત કરે છે પરંતુ કોઈએ વકીલ મિત્રો ને સહાય ખરેખર મળે એ બાબતે કોઈ રીટ કરી તો જવાબ હશે ના બીજા ને ન્યાય અપાવવાવાળા જ ન્યાય મેળવી શકતા નથી.

લિ. રાજેશ જી,સોલંકી એડવોકેટ એન્ડ નોટરી...

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક. સાહિત્યિક વિભાગ..
# તંત્રી : આયોજક : પ્રદીપ રાવલ

ન્યુઝ ઓફ ગાંધીનગર.

**ગ્રુપ સંચાલક : જીજ્ઞા કાપુરિયા**
**નિર્ણાયક શ્રી : જયશ્રી પટેલ,વંદના વાણી,કિશોર ઠક્કર**
**સહ નિર્ણાયક : આરતી મરચંટ,આરતી રામાણી**
**સહ સંચાલક : પ્રણવ ઝાંખર,મનીષ વોરા**
**ગ્રાફિક ડિઝાઇન : પ્રણવ ઝાંખર**

---

**વિભાગઃગદ્ય**
**માઈક્રોફિક્શન શીર્ષકઃ અબૂધ**
**"અબૂધ"**

**"મોટા મોટા વી.આઇ.પી. પાર્ટીમાં આવ્યા હતા.આ તારી એટીકેટ કહેવાય?**
**મારા માટે ઇલેક્શન પહેલાંની કેટલી અગત્યની મિટીંગ હતી! અક્કલ ન ચાલી?"**
**"જી."**
**"કેમ મુંગીમંતર બની ગઈ છો?હેલ્થમિનિસ્ટરની પત્ની છો. જરા એટીટ્યુડ સુધાર. અબૂધ જ રહી."**
**"હું પ્રયત્ન કરીશ."**
**"હમણાં તો તારી તબિયતને લીધે ઇલેક્શનમિટીંગમાં નહીં લઈ જાઉં પણ બાળવિષય પર તારાં ભાષણ મને મત ખેંચી લાવવામાં બહુ મદદ કરે છે એટલે જલ્દી ઊભી થઈ જજે. બહુ પાંપલાવેડા મને પોષાય નહીં. સમજી?"**
**ચૂંટણી પ્રચારમાં કાજલને માઇક સોંપાયું.**
**"સમગ્ર દેશની હેલ્થની ફિકર એવા માણસને સોંપવામાં આવી છે જેને પોતાની પત્નીની પણ પરવા નથી. મારું હમણાં જ એબોર્શન કરાવવામાં આવ્યું કારણકે દીકરી હતી. આવા માણસને તમારા દેશની તંદુરસ્તીનો હવાલો આપતાં પહેલાં સો વાર વિચારજો..**
**મારા પપ્પાએ કાંઈ વિચાર્યા વગર નર્યા દંભ સાથે જીવતા આ માણસના ખુંટે મને બાંધી દીધી. પણ જનતા જરુર વિચારે."**
**કાજલની નજર સામે સાત વર્ષની કાજલની તૂટી ગયેલી ઢીંગલી માટે ટપક..ટપક.. ટપકતી આંખ તાદ્રશ્ય થઈ. ઢીંગલી ખોઈ ત્યારે સાત વર્ષની અબૂધ હતી. હવે નથી.**
**કાજલ સડસડાટ ચાલી ગઈ.**
**લીના વછરાજાની -અમદાવાદ.**

---

**વિભાગ ગદ્ય માઇક્રોફિક્શન**
**શીર્ષક- કાવતરું**
**"હા બોસ, રમકડાં પહોંચી ગયા છે. બધી ઢીંગલીઓ નાના છોકરાઓમાં વહેંચાઈ ગઇ છે. બપોરે શાર્પ બાર વાગીને પાંચ મિનિટે બધી ઢીંગલીઓ એકસાથેપ બૂમપ" અને એક અટ્ટહાસ્ય ગૂંજી ઉઠ્યું. પણ કુદરતે કંઇક બીજું જ કાવતરું ઘડ્યું હતું. બરાબર અગિયાર પંચાવને ધરતી ધણધણી ઉઠી અને બધીજ ઢીંગલીઓ કાટમાળ હેઠળ ધરબાઇ ગઇ, બસ એકને છોડીને..!!**
**અમિષા શાહ 'અમી'**

---

**: NG - 0058**
**વિભાગ : ગદ્ય**
**શીર્ષક : રંગમંચ**
**મીની એનાં ઘરની સામે રહેતી બબલીની ઢીંગલી જોઈને બોલી, "બાપુ, મને આવી ઢીંગલી લાવી દો ને ?"**
**પતાએ કહ્યું, "તારા માટે એનાથી પણ સરસ ઢીંગલી લાવી દઈશ."**
**"ક્યારે લાવશો ?" મીનીની ધીરજ ખૂટી રહી હતી.**
**"આપણને દાળ-રોટલો મળે છે, ત્યાં સુધી આ તો નહિ જ." પિતાજી મનમાં બબડીને ઘરની બહાર નીકળી ગયા.**
**"બચાવો, બચાવો"ની બૂમો પાડતી મીની ઘરની બહાર નીકળી. તેનાં પિતાજીએ સાયકલ મૂકીને મીનીની તરફ દોટ મૂકી. ગભરાયેલી મીનીને ગળે વળગાડી.**
**"હવે, ક્યાં જઈશું" નાં સવાલ સાથે જમીનદોસ્ત થયેલાં પોતાનાં નાનકડાં મકાનને નિહાળી રહ્યાં.**
**હોર્નનાં અવાજે મીનીનાં પિતાજીની વિચાર તંદ્રા તોડી. બબલીનાં ઘરે લગભગ રોજ આવતી એક વાનની તરફ નજર પડતાં, નવો કિરદાર ભજવવા માટે સજ્જ થઈ ગયા. મીનીને ત્યાં જ બેસાડીને વાનમાં બેઠેલાં ભાઈ સાથે કંઈક વાતચીત કરી. વાનમાંથી ઢીંગલી સાથે એક હાથ બહાર આવ્યો. તેનાં પિતાએ ઢીંગલી લીધી. મોઢાનાં ભાગેથી ખોલી, તેમાં રહેલું સફેદ પેકેટ કાઢીને ખિસ્સામાં મૂક્યું. મીનીની નજીક આવીને બોલ્યાં, "લે, રોજ નવી ઢીંગલી લાવી દઈશ."**
**પ્રીતિ શાહ ("અમી-પ્રી.)**

---

**ન્યુઝ ઓફ ગાંધીનગર**
**વિભાગઃ માઈક્રોફિક્શન**
**શીર્ષક : ઢીંગલી**
**શ્વેતા અને મીના એક જ શેરીમાં રહેતા પરંતુ બંનેના નસીબ બહુ અલગ હતા. શ્વેતાનો પરિવાર શ્રીમંત હતો જ્યારે મીના તેના પરિવાર સાથે નાના મકાનમાં રહેતી. શ્વેતા ક્યારેક મીના સાથે રમવાની જીદ કરતી.એ દિવસ ૭.૫ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો. શ્વેતા અને મીના પરિવાર સાથે ઘરની બહાર આવી ગઈ . ત્યારે શ્વેતાએ મીનાનાં હાથમાં રહેલી ઢીંગલી જોઈને બોલી "પપ્પા હવે તો હું મીના સાથે રમી શકું"?**
**સંગાર ગીતા કાનજીભાઈ " ગીત" ગઢશીશા**



# દેશના છેવાડેના માનવી સુધી મોદી સરકારની લોકકલ્યાણની યોજનાઓના ફળ પહોંચ્યા છે: પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવ ભટ્ટ


મોટી ઈસરોલ, તા.૨૦

આજરોજ સાબરકાંઠા-અરવલ્લીના સાંસદ દીપસિંહ રાઠોડનો અરવલ્લી જિલ્લાના કાર્યકરો સાથેનો વીડિયો વર્ચ્યુઅલ સંવાદ યોજાયો હતો. જેમાં જોડાયેલા અરવલ્લી જિલ્લાના સૌ આગેવાનો કાર્યકર્તાઓને જિલ્લા ભાજપના પ્રમુખ રણવીરસિંહ ડાભીએ આવકાર્યા હતા અને કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી હતી.

સાંસદ દીપસિંહ રાઠોડે જિલ્લાના કાર્યકરોને સંબોધન કર્યું હતું જેમાં કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓ અને મોદી સરકારના ઐતિહાસિક નિર્ણયોનો ઉલ્લેખ કરીને જનતાની સેવા માટે કરેલા કાર્યોનું વિવરણ કરવા સાથે આવનારા સમયમાં હજુ પણ દેશ ની જનતાના હિતો માટે મોદી સરકાર કટિબદ્ધ હોવાનનું જણાવી કોરોના મહામારી સામે લડવા વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ સમયસૂચકતા વાપરીને

સમયસર લીધેલા પગલાંની પ્રશંસા કરી હતી.

પ્રદેશ ઉપાધ્યક્ષ ભાર્ગવભાઈ ભટ્ટે કાશ્મીરમાં ૩૭૦ ની કલમ હટાવવાથી માંડી અનેકવિધ ઐતિહાસિક નિર્ણયો લઈને વડાપ્રધાન નરેન્દ્રભાઈ. મોદીએ દેશની જનતાના અનેક યોજનાઓ થકી છેવાડેના માનવી સુધી કોઈપણ વચેટિયા વગર પહોંચેલી લોકકલ્યાણની સેવાઓનો ઉદાહરણો આપી વિસ્તૃત રીતે ઉલ્લેખ કર્યો હતો.તેમણે છેલ્લા ૭૦ વર્ષમાં નહિ થયેલા કામો અને પારદર્શક વહીવટને કારણે છેવાડેના માનવીને પૂરો રૂપિયો પહોંચે છે અને અગાઉ માત્ર ૧૫ પૈસા પહોંચતા હતા આજે પૂરો રૂપિયો પહોંચે છે એ ઉપલબ્ધીને સરસ રીતે કાર્યકરો સમક્ષ મૂકી હતી.ગામડાનો



માનવીન બીમાર પડે તો શહેરમાં જઈને સારવાર કરાવી શકતો ન હતો આજે પાંચ પાંચ લાખ સુધીનો મેડિકલ ખર્ચ સરકાર ઉપાડે છે અને સાચા અર્થમાં મોદી સરકાર ગરીબોની બેલી બની છે એમ જણાવી એક તરફ ભારતની વસ્તી અને બીજી તરફ અમેરિકા સહિતના કોરોના ગ્રસ્ત (ચીન સિવાય) બધા દેશોની વસ્તી લગભગ સરખી છતાં અન્ય દેશોમાં કોરોનાથી મૃત્યુ આંક જે આસમાનને આબી ગયો છે જેની સામે સમયસરના લોકડાઉન સહિતના પગલા લઈ ૧૩૦ કરોડની વસતી ધરાવતા આપણા દેશમાં આ મહામારીને વધુ વકરતી રોકવામાં સફળતા મેળવી છે એને માટે વડાપ્રધાનની તેમણે પ્રશંશા કરી હતી.એટલું જ નહીં પણ

કિસાનોના ખાતામાં સીધા જ પૈસા નાખવાથી માડી ખેડૂતોને ઝીરો ટકા વ્યાજે કૃષિ લોન અને દલિત, ગરીબ, મધ્યમવર્ગ, શ્રમજીવી, અનુ.જનજાતિના લોકો માટે ઉઠાવેલા અનેક કદમોની પણ પ્રશંસા કરી હતી.અંતમાં

આભારવિધિ મહામંત્રી શામળભાઈ પટેલે કરી હતી અને મોટી સંખ્યામાં આ વર્ચ્યુઅલ સંવાદમાં જિલ્લાના પૂર્વ ધારાસભ્યો, ભાજપની જિલ્લા ટીમ, દરેક તાલુકાના પ્રમુખ-મહામંત્રીઓ, સહકારી સહિતના ભાજપના આગેવાનો-કાર્યકરો જોડાતાં આ વીડિયો વર્ચ્યુઅલ સંવાદ કાર્યક્રમને ભારે સફળતા સાંપડી હતી.

### ૧૯૫ બેગનો દોઢ લાખથી પણ વધુનો રાસાયણીક ખાતરનો જથ્થો જપ્ત

# ગરબાડામાં લાયસન્સ વિના ખાતરનું વેચાણ-સંગ્રહ કરતાં વધુ એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો

અભેસિંહ રાવલ , તા. ૨૦

દાહોદ જિલ્લામાં લાયસન્સ વિના હલકી ગુણવત્તાના ખાતર વેચતા વેપારીઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જિલ્લામાં લાયસન્સ વિના ખાતરનો વેપાર કરતા વધુ એક શખ્સને ઝડપી લેવામાં આવ્યો છે. ગરબાડામાં રિલાયન્સ પેટ્રોલ પંપની સામે દલસિંગભાઇ રાઠોડની દુકાનમાંથી ૧૯૫ બેગનો દોઢ લાખથી પણ વધુનો રાસાયણીક ખાતરનો જથ્થો જપ્ત કરવામાં આવ્યો છે. ગરબાડાના ખેતીવાડી અધિકારી શ્રી પી.કે.ભાભોરે આ કાર્યવાહી હાથ ધરી હતી.




આ રાસાયણીક ખાતરમાં ઓર્ગેનિક મેન્યુર અને સોઇલ કન્ડીશનલની રૂ. ૧,૫૫,૮૭૫ની કિમતની કુલ ૧૯૫ બેગ જપ્ત કરવામાં આવી છે. દલસિંગભાઇ પર રાસાયણિક ખાતર નિયંત્રણ હુકમ ૧૯૮૫ ના ખંડ ૭ ના ભંગ બદલ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

જિલ્લા કલેક્ટર શ્રી વિજય ખરાડીએ કૃષિ વિભાગને લાયસન્સ વિના હલકી ગુણવત્તાના ખાતર વેચતા વેપારીઓ સામે કડકમાં કડક પગલા લેવા સપષ્ટ સૂચના આપવામાં આવી છે ત્યારે જે કંપનીઓ ઉંચા ભાવે ખેડૂતોને હલકી ગુણવત્તાના ખાતર વેચી રહ્યા છે તેમના પર પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. ખેડૂતોએ આ બાબતે ખૂબ સાવચેત રહી ફક્ત લાયસન્સ ધરાવતા વેપારીઓ પાસેથી જ ખાતર ખરીદવા જણાવવામાં આવ્યું છે.

જિલ્લાના નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ)એ જણાવ્યું છે કે, ખેડૂતો કુદરતી ખેતીની પદ્ધતિ અપનાવી રાસાયણીક ખાતરનો ઉપયોગ ટાળી શકે છે અને બમણું ઉત્પાદન પણ મેળવી શકે છે. આ પદ્ધતિ પ્રમાણે ખાતર, દવા, બિયારણ ખરીદવાની જરૂરીયાત રહેતી નથી. દેસી ગાય આધારિત જીવામૃત અને દેશી વનસ્પતિઓ ભગડો, દિવેલ, કરંજ જેવા પાનના ઉકાળામાંથી કુદરતી જંતુનાશકો ઘરે જ બનાવી ખેડૂતો ઉપયોગ કરી શકે છે.





સુરત મોટા વરાછા ઉત્રાણ ખાતે આવેલી મૌની ગ્રુપ ઓફ સ્કૂલ નું પરિણામ ઝળહળતું આવ્યુ છે જેમાં ઘણાં જ વિદ્યાર્થી ઓ સાવ સામાન્ય પરિસ્થિતિ ધરાવતા હતા. ગરીબી ઘર ને ખાઈ જાય તેવી પરિસ્થિતિ માં પણ તેઓએ A1 ગ્રેડ પ્રાપ્ત કર્યા છે.. આવા સરસ ટકાવારી સાથે આવનાર ગરીબ બાળકો નો ખર્ચ ઉઠાવવાનો પણ મૌની સ્કૂલ ના માલિક જે. બી. પટેલે કહ્યુ હતું.. રીક્ષા ચલાવીને ઘર નું પેટીયું રળતાં મા બાપ ની દિકરી ને ૯૧ ટકા સાથે ઉત્તીર્ણ થઈ છે. મૌની સ્કૂલ ના તેર વિદ્યાર્થી ઓ A1 ગ્રેડ સાથે આવ્યા છે.


# કેશોદ નગરપાલિકાનાં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા જે.એમ.વાછાણીએ આપ્યું રાજીનામુ

કેશોદ: (રાજુભાઈ પંડ્યા)

કેશોદ નગરપાલિકા માં ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા જે.એમ.વાછાણી એ અચાનક જ પોતાનાં હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. પ્રાદેશિક કમિશનર નગરપાલિકાઓ ગુજરાત રાજ્ય ભાવનગર ખાતે આવેલી કચેરી ખાતે રૂબરૂમાં પહોંચી પોતાનુ રાજીનામું આપી દેતાં કેશોદમાં રાજકીય ભૂકંપ આવ્યો છે. કેશોદ નગરપાલિકા માં લાંબા સમયથી કાયમી ધોરણે ચીફ ઓફિસર ન હોવાથી આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં અને વહીવટી કામગીરી માં મુશ્કેલીઓ પડતી હતી ત્યારે કેશોદ નાં સતાધારી પક્ષના આગેવાનો અને ધારાસભ્ય તેમજ જીલ્લા સંગઠન દ્વારા સરકારને રૂબરૂમાં રજુઆત કરી કાયમી ધોરણે ચીફ ઓફિસર ની માંગણી કરી હતી. ગુજરાત સરકાર દ્વારા તુરંત જ ફિક્ષ પગારથી નિવૃત્ત મામલતદાર ને કરાર આધારિત ભરતી કરવા અંગે મંજુરી આપી દીધી હતી અને વહીવટી કામગીરી હાથ ધરી ને ચીફ ઓફિસર તરીકે જે એમ વાછાણી ની નિમણુંક કરવામાં આવી હતી અને શહેરી વિસ્તારોમાં અટકેલાં કામોમાં ગતિ વધી ગઈ હતી. કેશોદ શહેરમાં કોરોના વાયરસ ફેલાતો અટકાવવા માટે લાગું કરવામાં આવેલ ગાઈડ લાઈન મુજબ અમલવારી કરાવવાં ઉપરાંત લોકડાઉન માં ભર ઉનાળે પીવાના પાણીની વ્યવસ્થા તેમજ સફાઈ કામગીરી માં સતત દેખરેખ હેઠળ કાર્યવાહી કરવામાં આવી હતી. કેશોદ શહેરમાં કાયમી ધોરણે પીવાના પાણીની વ્યવસ્થા કરવા માટે દેવગઢ થી રાણેકપરા સુધી અલગ પાઈપલાઈન નાખવા કચ્છમાં રૂબરૂમાં પહોંચી ચકાસણી કરી અને કામગીરી ચાલુ કરાવવામાં આવી છે. કેશોદ શહેરમાં કોરોના પોઝીટીવ આઠ કેસ નોંધાયા બાદ સેનેટાઈઝેસન કરવામાં અને કન્ટેઈનમેન્ટ ઝોનમાં આવશ્યક જીવનજરૂરી ચીજવસ્તુઓ પહોંચતી કરવાની સુંદર વ્યવસ્થા જાળવવા માં આવી હતી. કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકાર દ્વારા લોકડાઉન માં વધુ છુટછાટ આપવામાં આવતાં કેશોદ નગરપાલિકામાં મુદત પૂરી થવાનાં આરે આવતાં પદાધિકારીઓ દ્વારા પોતાના અંગત આર્થિક લાભ મેળવવા માટે તેમજ ભાગીદારી ધરાવતાં કામોમાં ઝડપી બીલો મંજુર કરવા તદ્ઉપરાંત વાર્ષિક કામોમાં ફરીથી કાર્યાલય આદેશ આપવા માટે સખળ ડખળ ચાલું કરી હોવાની ચર્ચાઓ ચાલી રહી હતી. નિવૃત્ત મામલતદાર કરાર આધારિત ચીફ ઓફિસર તરીકે ફરજ બજાવતા હોય ત્યારે ગેરરીતિ અંગે ફરિયાદ થાય તો પેન્શન પણ અટકી જાય એટલે રાજકીય દબાણ હેઠળ નિયમો અને પરિપત્રો ઠરાવો જોગવાઈ ઓ વીરુદ્ધ કામગીરી કરી જવાબદારી નક્કી થાય અને જીવનભર ની મરણમૂડી ખોવાને બદલે રાજીનામું આપી દીધું છે. પાંચેક મહિના બાદ કેશોદ નગરપાલિકા ની સામાન્ય ચૂંટણી યોજાવાની છે ત્યારે કાયમી ચીફ ઓફિસર વગર આવશ્યક સેવાઓ ઉપલબ્ધ કરાવવા માટે ચાલતાં કામોમાં રોક લાગી જશે. ઈન્ચાર્જ ચીફ ઓફિસર નાં પગલે કામગીરી કરવામાં આવશે અને વહીવટી કામગીરી માં કાયમી ધોરણે પ્રશ્નો ઉદભવતા શરૂ થઈ જશે. સતાધારી પક્ષના પ્રતિનિધિઓ આગેવાનો અને કાર્યકરો દ્વારા ખોટી રીતે અધિકારીઓ પાસે કામો કરાવવા રાજકીય દબાણ કરવામાં આવ્યું હતું જેમાં જીલ્લા સંગઠન દ્વારા શિસ્ત અને અંનુશાશન નાં પાઠ ભણાવવામાં આવશે તો જ આવનારાં દિવસોમાં મતદારો વચ્ચે જઈ શકાશે...

# હળાહળ કળયુગ : માતાએ પૈસા ન આપતા દિકરાએ માતાની હત્યા કરી દેતા ચકચાર



બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ભાચલી ગામે સગા દીકરાએ તેની જનેતાને પૈસા ન આપવા જેવી નજીવી બાબતે ઘા કરી રહેસી નાખતાં પંથકમાં આવા દીકરા સામે ફિટકારની લાગણી વરસી રહી છે અને પંથકમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. જો કે બનાવ અંગે હવે પોલીસ દ્વારા તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવ્યો છે.આજના આધુનિક યુગમાં ખરેખર કળયુગ પુરેપુરો ઘૂસી ગયો છે. તે આવી ઘણી ઘટનાઓ પરથી સાબિત થાય છે. બનાસકાંઠા જિલ્લાના વાવ તાલુકાના ભાચલી ગામની આ ઘટના પરથી મા દીકરાના સંબંધની પણ આ હળાહળ કળિયુગમાં જાણે કોઈ કિંમત રહી ન હોય તેમ જણાઈ રહ્યું છે. સૂત્રો દ્વારા મળતી માહિતી અનુસાર વાવ તાલુકાના ભાચલી ગામે એક યુવકે તેની માતા પાસે પૈસા માંગ્યા હતા. પરંતુ માતાએ પૈસા આપવાનો ઈનકાર કરતા દિકરાનો પિત્તો ગયો અને માતાને છાતી અને પેટના ભાગે લોખંડની કોચથી આઠ જેટલા ઘા મારી રહેસી નાખી હતી અને ત્યારબાદ દીકરો ત્યાંથી ભાગી ગયો હતો. કળીયુગી દીકરાએ માતાની હત્યા કરી નાખતા સમગ્ર પંથકમાં ચકચાર સાથે સાથે આવા દીકરા સામે ભારે રોષ અને ફીટકારની લાગણી વરસી રહી છે. જો કે સમગ્ર બનાવ અંગે પોલીસને જાણ કરવામાં આવતા પોલીસ ઘટના સ્થળે દોડી આવી હત્યાનો ગુનો નોંધી આ બાબતે સત્યતા તરફે વધુ તપાસ હાથ ધરી છે.

### માસ્ક અને હેન્ડ ગ્લોઝ વિના કામ કરતાં હતા કારીગરો

# બનાસકાંઠા જિલ્લાના છાપી પંથકમાં આરોગ્ય વિભાગ દ્વારા હોટેલોમાં બોલાવ્યો સપાટો

બનાસકાંઠા બ્યુરો ગૌરવ પુરોહિત

બનાસકાંઠા જિલ્લાના છાપી પંથકમાં આવેલી કેટલીક હોટલોમાં સ્ટાફ દ્વારા માસ્ક અને હેન્ડ ગ્લોઝનો ઉપયોગ કરવામા ન આવતો હોવાની અને કામગીરી કરવામાં આવી રહી હોવાની માહિતી આધારે આરોગ્ય વિભાગે સપાટો બોલાવ્યો હતો અને આવી ૧૦ જેટલી હોટલોને નોટિસ ફટકારી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે.



સમગ્ર વિશ્વમાં ચાલી રહેલી કોરોના વાયરસની મહામારી દરમિયાન હવે ગુજરાત રાજ્યમાં અનલોક જાહેર કર્યા બાદ ધંધા રોજગારમાં છૂટછાટો આપી છે. જેને પગલે હોટલો પણ ખૂલી જવા પામી છે. ત્યારે હોટલોમાં કોરોનાનુ સંક્રમણ ન વધે તે માટે હોટલોમાં પણ સોશિયલ ડિસ્ટન્સ તેમજ માસ્ક અને સેનેટાઈઝર ઉપરાંત હોટલમાં કામ કરતાં કારીગરોને પણ માસ્ક અને હેન્ડ ગ્લોઝ સહિતનો ઉપયોગ કરવા માટે ખાસ સૂચના આપવામાં આવેલી છે. તેમ છતાં બનાસકાંઠા જિલ્લાના છાપી પંથકમાં આવેલી કેટલીક હોટલોમાં સંચાલકોની બેદરકારીના કારણે કારીગરો માસ્ક અને હેન્ડ ગ્લોઝ વિના જ કામગીરી કરતા હોવાનું જાણવા મળતા આરોગ્ય વિભાગની ટીમ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. જેમાં કેટલીક હોટલોમાં કારીગરો માસ્ક અને હેન્ડ ગ્લોઝ વિના કામ કરતા જોવા મળ્યા હતા. જેને પગલે આવી દશેક હોટલોને નોટીસ પાઠવવામાં આવી હોવાનું સૂત્રો દ્વારા જાણવા મળ્યું છે. આમ કોરોના મહામારી અનલોક બાદ ફરીથી વકરી રહી હોય તેમ જણાઈ રહ્યું છે. તેમ છતાં ધંધા રોજગારમાં છૂટ બાદ લોકો જાણે કોરોનાને ભુલાવી દીધો હોય તેમ બેદરકારી દાખવી રહ્યા છે. ત્યારે આગામી સમયમાં પણ આરોગ્ય વિભાગ દ્વારા આવી હોટલો સામે કડક કાર્યવાહી કરવામાં આવે તેવી સંભાવના છે.

પાલનપુરમાં પણ હોટલોમાં તપાસ હાથ ધરવામાં આવે તે જરૂરી

પાલનપુર શહેરમાં પણ આવેલી કેટલીક હોટલોમાં કારીગરો માસ્ક અને હેન્ડ ગ્લોઝ સહિતની વસ્તુઓનો ઉપયોગ કર્યા વિના જ કામગીરી કરતા હોવાનું કહેવાય છે. ત્યારે હાલમાં પાલનપુરમાં વધી રહેલા કોરોના વાયરસની મહામારીને પગલે પાલનપુરની હોટલોમાં પણ તપાસ કરવામાં આવે તે જરૂરી બન્યું છે.

# પાટણ માંથી ૫૨૪ વિદેશી દારૂની પેટી સાથે ૪ ઝડપાયા



ધૃવ દવે સિદ્ધપુર

દારુ ના આ જથ્થાને કટિંગ કરી મહેસાણા અને અમદાવાદ ના જુહાપુરામાં આઈશર દ્વારા મોકલાવાનો હતો..!

ગુજરાત મા કોરોના ને લઈ રાત્રી ના ૯ થી સવાર ના ૫ વાગ્યા સુધી કરફ્યું હોવા છતાં ઈંગ્લીશ દારૂ ની બેરોકટોક હેરાફેરી થઈ રહી ત્યારે પાટણ એ ડિવિઝન પોલીસ એ બાતમીના આધારે પાટણ કુખ્યાત બુટલેગર ના ઘરે રેડ કરી ૫૨૪ પેટી દારૂ ઝડપી લઈ ૪ ઈસમોને આબાદ ઝડપી લીધા હતા.

પાટણ શહેર ના બોકરવાડા મા વર્ષો થી કય્યુમ નામનો બુટલેગર પોલીસ તંત્ર અને રાજકારણી ઓની રહેમ નજરે ઈંગ્લીશ દારૂ નો ધંધો છૂટ થી કરી રહ્યો છે ત્યારે પાટણ પોલીસ ને બાતમી મળી હતી કે પાટણમા આ કુખ્યાત બુટલેગરને ત્યાંથી દારૂ કટિંગ થવાનું છે જેમાંથી એક જથ્થો મહેસાણા એક ઠાકોર બુટલેગર ને ત્યાં અને બીજો જથ્થો જુહાપુરા અમદાવાદ માલ મોકલવાનો હોઈ ગોડાઉન માં આઈસર પડી છે.

જેની તપાસ કરતા ૫૨૪ પેટી દારુ મળી આવ્યો હતો. જેની કિંમત રૂપિયા આશરે ૨૪ લાખ તેમજ આઈશર ટ્રક મળી ૩૪ લાખના મુદ્દા માલ સાથે કુખ્યાત બુટલેગર કય્યુમ સહિત ૩ વ્યક્તિને ઝડપી લીધા હતા.


### કોરોના વોરિયર્સ

# લેબ ટેકનીશીયન ફૈઝ ઈપ્રોલીયા કોરોનાને મ્હાત આપી ફરજ પર હાજર, ઉત્સાહ પૂર્વક આરોગ્યલક્ષી સેવામાં જોતરાયા

અરવલ્લી બ્યુરો મોડાસા

સમગ્ર વિશ્વમાં કોરાનાની મહામારી વચ્ચે આરોગ્ય કર્મીઓ સતત કોરોના સંકટ વચ્ચે યોદ્ધા બનીને કામ કરતા રહ્યા,,, પણ અરવલ્લી જિલ્લાના મોડાસામાં કોરોના વોરિયર ખુદ કોરોનામાં સપડાયા, અને સાજા થઇ ગયા,, તેમણે કહ્યું કે, મને કોરોના થયો તો શું થયું મારે હજુ લોકોની સારવાર કરવાની છે.મોડાસા અર્બેન હેલ્થ સેન્ટરમાં લેબ ટેક્નિશિયન તરીકે કામ કામ કરતી ફૈઝ ઇપ્રોલિયા,, દર્દીઓની સેવા કરવામાં એટલા વ્યસ્ત રહેતા હતા કે, તેઓ કોરોનામાં ક્યારે સપડાયા, તેનો ખ્યાલ જ નહોતો આવ્યો,, અને પોતાના વ્હાલસોયા ફક્ત સોળ માસના દિકરાને છોડીને તેઓ મોડાસાની કોવિડ હોસ્પિટલમાં ભરતી થયા.. તેમણે જણાવ્યું કે, જ્યારે તેઓને ખ્યાલ આવ્યો કે, તેઓ કોરોના પોઝિટિવ છે, તેઓ કોવિડ હોસ્પિટલમાં સારવાર લીધી અને સ્વસ્થ થયા,, લોકોની સેવા કરવા તેઓ ઉત્સુક હતા,, અને ક્વોરંન્ટિન સમય પૂર્ણ કરીને પોતાની ફરજ પર હાજર થઇ ગયા..ફૈઝ જણાવે છે કે, ૮ મેના રોજ ફૈઝે રીપોર્ટ કરાવ્યો,, રીપોર્ટમાં કોરોના પોઝિટીવ આવતા તેમના પગ તળેથી જમીન સરકી ગઈ, મારા ૧૬ માસના પુત્ર શહાનું શું થશે. મારા પતિ અને પરીવાર જો આ સંક્રમણ લાગશે,, એવા વિચાર માત્રથી શરીર આખામાંય ભયનું લખલખું પસાર થઇ ગયું, પણ મે હિંમત હાર્યા વગર બસ આની સારવાર માટે સજ્જ થઇ ગઈ,,, મોડાસાની કોવિડ હોસ્પિટલા સ્ટાફ જાણે તેમનો પરિવાર બની ગયો અને તેઓને સારવાર આપતા, માત્ર દસ દિવસમાં સાજા થઇ ગયા,,, આ માટે તેઓ પોતાના પતિ અને સાસુ-સસરાનો આભાર માને છે.

હતાશ થઇ ગયેલા દર્દીઓના ચહેરા પર સ્મિત લાવવાના મક્કમ ઈરાદાથી ફૈઝ ઈપ્રોલિયા ખરેખર કોરોના વોરિયર સાબિત થયા છે.



Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.

CYMK